Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:179 Dt.12-05-2021 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

કેન્દ્રના દાવાની ઢોલમાં પોલ

વેક્સિન લેવા વિશ્વ બજારમાં દોડી જતા રાજ્યો

વેક્સિનની અછતથી ત્રસ્ત રાજ્યોએ જથ્થો પ્રાપ્ત કરવા વિશ્વ સ્થળે ટેન્ડર બહાર પાડયા, ઓરીસા જેવા સંખ્યા બંધ રાજ્યોને પગલું લેવાની ફરજ પડી

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં કોરોના વેક્સિનની તીવ્ર અછત ઉભી થઇ હોવાથી વિશ્વમાંથી વેક્સિન મેળવવા માટે વિશ્વ ટેન્ડર બહાર પાડવાનું સંખ્યા બંધ રાજયોએ નક્કી કર્યુ છે. કોરોનાની બીજી લહેરમાં સંક્રમણની બેફામ ગતીને કારણે ત્રીજા તબક્કા માટેના રસીકરણ કાર્યક્રમમાં વિઘન આવ્યું છે અને અનેક રાજયો પાસે વેક્સિનનો પુરવઠો ખુટી પડયો છે. આથી ઓરીસા જેવા સંખ્યા બંધ રાજયોએ વિશ્વમાથી વેક્સિન મેળવવા ગ્લોબર ટેન્ડર બહાર પાડવાનું નક્કી કર્યુ છે.

કેન્દ્ર સરકારની વેક્સિન વ્યૂહ રચના મુજબ કેન્દ્ર તરફથી વેક્સિન મફત આપવામાં આવી રહી છે. પરંતુ રાજયો અને ખાનગી હોસ્પિટલોએ કિંમત ચુકવીને વેક્સિનનો જથ્થો પ્રામ કરવો પડે છે. દિલ્હી સરકારે જાહેર કર્યુ છે કે, કોરોના રસીનો જથ્થો અન્ય દેશોમાંથી મેળવવા દિલ્હી સરકાર ટુંક સમયમાં વૈશ્વીક ટેન્ડર બહાર પાડશે. કર્ણાટક સરકારે પણ બે કરોડ વેક્સિન ડોઝ ખરીદવા માટે ટેન્ડર બહાર પાડવાનું નક્કી કર્યુ છે. ઉપરાંત સ્થાનીક ધોરણે એક કરોડ કો-વેક્સિન ડોઝ અને બે કરોડ કોવીશીલ્ડ ડોઝનો ઓડર પણ આપ્યો છે. તેલંગણા સરકારે પણ વૈશ્વીક ટેન્ડર મારફત વિશ્વ માર્કેટમાંથી રસી મેળવવાનું નક્કી કર્યુ છે જેથી તમામ નાગરીકોનું રસીકરણ કરી શકાય. ઓરીસા સરકારે પણ ગ્લોબર ટેન્ડર બહાર પાડવાનું પણ નક્કી કર્યુ છે.

ઉત્તર પ્રદેશ સરકારે મહિનાના પ્રારંભે વિશ્વ ટેન્ડર બહાર પાડી ચાર કરોડ ડોઝ ઉત્પાદકો પાસેથી મેળવવાનું નક્કી કર્યુ છે. યુપી સરકાર આંતરરાષ્ટ્રીય બજારમાંથી રશિયાની સ્ફૂટનીક-વી અને મોર્ડરના તથા જોન્સન એન્ડ જોન્સનની

(અનુ.પાના નં.૪ ઉપર)

કોવિડ દર્દીઓ પાસેથી તગડી ફી વસુલતી ખાનગી હોસ્પિટલોને ફટકારતી કેરાલા હાઇકોર્ટ, આ તો લુંટ છે

(એજન્સી સમાચાર)

થીરૂઅંતપુરમ, તા.૧૨

કેરળમાં કોરોના દર્દીઓ પાસેથી તગડી ફી વસુલવા બદલ હાઇકોર્ટે આજે ખાનગી હોસ્પિટલોની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી નાખી હતી અને એવી ટકોર કરી હતી કે, આવા કપરા સમયમાં નાગરીકોને લુંટવા જોઇએ નહીં. કેરળ હાઇકોર્ટે એક દર્દીના વ્યથા દર્શાવતા વીડિયો બાદ સુઓમોટો અરજી મારફત મામલો હાથમાં લીધો હતો. કોચીના આ દર્દીની વેદના દર્શાવતો આ વીડિયો આખા રાજયમાં વાઇરલ થયો હતો.

હાઇકોર્ટે દર્શાવ્યું હતું કે, પીપીઇ કીટ માટે રૂ.૨૨ હજાર જેવી રકમ વસુલવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આવા પ્રકારની ફી લુંટ કહેવાય જે ચલાવી લઇ શકાય નહીં. કોરોના દર્દીઓ માટે અપાતી કાંજીનો ભાવ રૂ.૧૩૦૦ એ તો લુંટ જ કહેવાય.

રાજકોટનાં વેપારીઓની ધીરજ હવે ખુટી, અઘોષિત લોકડાઉન સામે પૂણ્યપ્રકોપ

સંપૂર્ણ લોકડાઉન લાદો નહીંતર અમને અંશતઃ લોક ડાઉનની પીડામાંથી મુકિત આપો, અધકચરા પગલાઓ સામે ગુંદાવાડી સહિતની મુખ્ય બજારનાં વેપારીઓનો જબરો રોષ, ધંધામાં ભારે નુકશાન થતું હોવાની વેદના વ્યકત કરતા વેપારીઓ, વ્યવહારુ ઉકેલ જરૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ગુજરાતમાં કોરોનાથી બચવા માટે અને સંક્રમણ અટકાવવા માટે નાઈટ કર્ફ્યું ઉપરાંત ત્રણ ડઝન શહેરોમાં જાહેર કરવામાં આવેલા અઘોષિત લોકડાઉન જેવા નિયંત્રણો અને નીતિ નિયમો સામે હવે વેપારી આલમમાંથી ઉભો થયેલો વિરોધ્ધનો સૂર વાવાઝોડાનું રૂપ લઇ રહ્યો છે. વેપારી આલમની હવે ધિરજ ખુંટી ગઈ હોય એવું લાગે છે. રાજકોટનાં ગુંદાવાડી વિસ્તારનાં વેપારીઓએ સરકારનાં દિવસનાં નિયંત્રણો સામે જોરદાર અવાજો ઉઠાવ્યો છે. અને આંશિક પગલાને ધંધા રોજગાર માટે ખૂબ જ નુકશાન કારક બનાવી વિરોધ્ધનો બુંગીયો ફૂકી દીધો છે. ગુંદાવાડીનાં વેપારીઓએ શહેરની અન્ય તમામ વેપારી આલમની જેમ એવી આગ્રહ ભરી માંગણી કરી છે કે અધકચરા નિયંત્રણોને કારણે વેપારીઓ એમને નાના મોટા ધંધાર્થીઓના ધંધા રોજગાર ઠપ થઇ જવા પામ્યા છે અને ભારે આર્થિક નુકશાનીના ખાડામાં ઉતરી ગયા છે. આથી વેપારીઓએ એવી બુલંદ માંગણી કરી છે કે કા તો સરકારે સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવું જોઇએ અથવા તો હાલ બંધ રહેતી દુકાનો અને બજારો ખોલવાની મંજુરી આપવી જોઇએ.

કોરોના મહામારીનું સંક્રમણ રોકવા માટે રાજ્ય સરકારે હાલ જે રસ્તો અપનાવ્યો છે અને અઘોષિત લોકડાઉન જેવા પગલા લીધા છે તેનાથી સંક્રમણ અટક્યું કે નહીં એ આખો મુદ્દો જુદી ચર્ચાનો વિષય બન્યો છે. અત્યારે તો સરકારનાં પગલાથી હવે વેપારી આલમ કંટાળી ગઈ છે અને તેની ધિરજ ફૂટી ગઈ છે. એ દર્શાવતા વિરોધ્ધનાં અવાજો શહેરનાં ખૂણે ખૂણેથી સંભળાઈ રહ્યા છે. વેપારીઓ કહે છે કે સરકારનાં અધકચરા અને કોઈ અર્થ વગરના પગલાની ધાર્યસર થઇ નથી. ચા અને પાનના ગલ્લા વાળા બંધ શેરીઓમાં બેસીને પોતાનો ધંધો ચાલુ રાખે છે. પાન અને ચા વાળા તો હોમ ડીલેવરી પણ ચાલુ છે. પણ મુખ્ય બજારોમાં દુકાનો ધરાવતા વેપારીઓ તરત તંત્રની નજરે ચડી જતા હોય છે એમને શટર પાડી દેવા પડે છે. પરિણામે નાના મોટા વેપારીઓના ધંધા ભાંગી ગયા છે. જબર આર્થિક નુકશાન થઇ રહ્યું છે. આમ જોવા જાવ તો સરકારનાં પગલા એક ને ગોળ બીજાને ખોળ જેવા છે. હવે દુકાનો અને સલુન બંધ હોય છે. રીટેઈલરનાં ધંધા બંધ હોય છે. તો બીજી તરફ કરીયાણા, રેસ્ટોરાં તો ચાલુ છે. શું એમના થી કોરોના સંક્રમણ ફેલાતું નહીં હોય? દિવસ આખો શહેરમાં લોકો ભટકતા રહે છે. શાકભાજી, ફુટ બજારો અને રેકડીઓ પર જબરી ભીડ ઉમડતી રહે છે. શું તેનાથી કોરોના ફેલાતો નથી? શું માત્ર વેપારીઓથી જ કોરોના ફેલાઈ છે? આવા નિયંત્રણો બિલકુલ અવ્યવહારુ ગણાવી શહેરી વેપારીઓને ધંધા ખોલવા દેવાની માંગણી કરી છે.

સરકારે નિયંત્રણો લાગુ કરાતી વખતે તેને લોકડાઉન એવું નામ નહીં આપીને એવો દેખાવ કર્યો છે કે આવા નીતિ નિયમો લોકડાઉન નથી. પણ શું લોકડાઉનને કોઈ શીંગડા હોય છે. બધું બંધ હોય એટલે એ લોકડાઉન જ ગણાય એ વાત નાનું બાળક પણ સમજી શકે છે ને સરકાર અમને કોઈ અલગ પ્રકારની ગોળી પાઈ રહી છે. વેપારી આલમ હવે સહન કરવા માંગતી નથી. વેપારીઓ કાનૂન ભંગ કરવાનો મિજાજ પણ બતાવી રહ્યા છે. તેની માંગણી એવી છે કે નાના વેપારીઓને કમસે કમ અડધો દિવસ ધંધો કરવાની છૂટ આપવી જોઈએ. જેથી કરીને એમની જંગી ખોટ થોડી ભરપાઈ કરી શકાય. જો રાજ્ય સરકાર વેપારીઓની લાગણી અને માંગણી મુજબ નિર્ણય નહીં લે તો વેપારીઓ ગોંધીચિંધ્યા માર્ગે સવિનય કાનૂન ભંગ કરશે એવા અવાજો બજારોમાંથી ઉઠી રહ્યા સંભળાય છે.

રાજકોટમાં પહેલીવાર કોરોના મૃત્યુ આંકમાં જોરદાર ઘટાડો, ૩૮નાં મોત

અમદાવાદમાં ૧૮, વડોદરામાં ૧૦, સુરતમાં ૧૩, કચ્છમાં ૫ દર્દીઓનાં મોત, ૭૦૦ તબીબો અને ૧૭૦૦ નર્સીંગ સ્ટાફની હડતાલથી કોરોના દર્દીઓની કફોડી હાલત, ગ્રામ્ય વિસ્તારોમાં ફેલાતા સંક્રમણ અંગે રૂપાણી કેબીનેટમાં ખાસ ચર્ચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટમાં લાંબા સમય બાદ કોરોનાથી થતા મૃત્યુ આંકમાં ધરખમ ઘટાડો નોંધાતા આરોગ્ય તંત્રએ ભારે રાહતની લાગણી અનુભવી હતી. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં કોવિડ હોસ્પિટલમાં ૩૮ દર્દીઓ મૃત્યુને ભેટયા હતા. સૌથી વધુ અમદાવાદમાં ૧૮, સુરતમાં ૧૩, વડોદરામાં ૧૦, જૂનાગઢમાં ૧૦ અને કચ્છમાં ૫ દર્દીઓના મૃત્યુ થયાનું નોંધાયું હતું. દરમ્યાન રાજયમાં ગ્રહણ ટાકણે સાપ નીકળ્યો હોય તેમ તબીબો અને નર્સીંગ સ્ટાફની હડતાલની કારણે કોરોનાની સારવારમાં ભારે વિઘ્ન ઉભા થવા પામ્યા છે અને અનેક સ્થળે દર્દીઓની હાલત કફોડી બની રહી છે.

કોરોના મહામારીના

(અનુ.પાના નં.૪ ઉપર)

ભાવનગરની કામચલાઉ કોવિડ હોસ્પિટલમાં આગ ભભૂકી, સ્ટાફની સાવચેતીને કારણે ભયાનક હોનારત ટળી

૧૮ દર્દીઓને બચાવી લેવાયા, કુલ ૬૫ દર્દીઓ હતા, કોવિડ હોસ્પિટલમાં આગની ઘટનાઓની અવિરત વણઝાર

(એજન્સી સમાચાર)

ભાવનગર, તા.૧૨

ભાવનગરના કાળુભાર રોડ પર એક હોટેલમાં ચાલતી કામ ચલાઉ કોવિડ હોસ્પિટલના એક રૂમમાં અચાનક આગ લાગી ગઇ હતી પરંતુ હોસ્પિટલના સ્ટાફની સર્તકતાને કારણે મોટી દુર્ઘટના થતા રહી ગઇ હતી. જે રૂમમાં આગ લાગી હતી ત્યાંથી ૧૮ દર્દીઓને તાત્કાલીક રૂમની બહાર લઇ બચાવી લેવાયા હતા. ઘટના વખતે હોસ્પિટલમાં કુલ ૬૫ દર્દીઓ સારવાર હેઠળ હતા તેમ જાણવા મળ્યું છે.

ટીવી યુનીટમાં શોટસર્કીટને કારણે આગ લાગી હોવાનું પ્રારંભીક તપાસમાં ખુલ્યું હતું. કોવિડ હોસ્પિટલના રૂમ નં.૩૦૪માં આગ ફાટી નીકળી હતી. આથી હોસ્પિટલ સ્ટાફ, ફાયર બ્રિગેડના જવાનો અને ૧૦૮ના કર્મચારીઓએ તાત્કાલીક ૧૮ દર્દીઓનું રેસકયુ કરી લીધુ હતુ અને એમને બચાવી લીધા હતા જેથી મોટી હોનારતમાંથી હોસ્પિટલ બચી ગઇ હતી.

કાળુભાર રોડ પર આવેલી હોટલ જનરેસન એકસમાં કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હતી. જેમાં કુલ ૬૫ દર્દીઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. સદ્નસીબે કોઇ જન હાની થઇ નથી અને દર્દીઓ બચી ગયા છે. પરંતુ ઘટનાને પગલે ફરી એકવાર અનેક સવાલોની વણઝાર સર્જાઇ ગઇ છે. હોટેલમાં ઉભી કરાયેલી સમર્પણ કોવિડ હોસ્પિટલમાં ફાયર સુરક્ષાના સાધનો હતા કે કેમ અને ચકાસણી બાદ મંજુરી અપાઇ હતી કે કેમ એ અંગે ઉંડી તપાસ થવી જોઇએ. જો સ્ટાફ અને અન્ય કર્મચારીઓએ સમયસર પગલા લીધા ન હોત તો બીજો ઉદય કાંડ સર્જાઇ જવાની ભીતી હતી. આવી રીતે ગમે તે હોટેલ કે બિલ્ડીંગોમાં અગ્ની સુરક્ષાની પુરી ચકાસણી કર્યા વિના કોવિડ કેર સેન્ટર ખોલી નાખવામાં આવ્યા છે. આ અંગે રાજય સરકાર તમામ જિલ્લા, વહીવટી તંત્રોને ફરીથી કડક આદેશ જારી કરવાની જરૂર છે નહીંતર કોવિડ હોસ્પિટલોમાં આવી આગની ઘટનાઓ બનતી જ રહેશે.

માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

WhatsApp કરો તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

રાજકોટ સિવિલમાં કોરોના સામેના જંગમાં દેવદૂત બની બહાદુરીપૂર્વક લડતી વીરાંગનાઓ



કોરોનાના ઇન્ફેક્શનથી ખુદને અને ઘર પરિવારને બચાવવા સાથે દર્દીઓની સારવાર સૌથી મોટી ચેલેન્જઃ કાજલબેન (ઇન્ફેક્શન કંટ્રોલર)

સિવિલ હોસ્પિટલ હેઠળ આવતી તમામ સંસ્થાઓમાં કુલ ૫૫૨ મહિલા નર્સો નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહી છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૨

આ સમય સરહદ પરના ઘાયલ સૈનિકોની સારવારની વાતનો નહીં, પરંતુ સમગ્ર વિશ્વને કોરોના રૂપી દૈત્યએ જ્યારે ભરડો લીધો છે ત્યારે દેવદૂત બની સફેદ વસ્ત્રમાં પી.પી.ઈ. કીટ પહેરી દર્દીઓની સારવાર માટે યોદ્ધા બની અનેક ફલોરેન્સ વીરાંગનાઓની બહાદુરીની ગાથાનો સમય છે.

પરિવારની દેખભાળ સાથે દર્દીઓની સારવારમાં જીવનું જોખમ છે, પરંતુ સેવા અને ફરજનિષ્ઠ સિસ્ટર્સ એક પણ દિવસની રજા લીધા વગર આ જવાબદારીને ઈશ્વરનો પ્રસાદ માની નિભાવી રહી છે. રાજકોટ સીવીલ હોસ્પિટલ અને તેની હેઠળ આવતી તમામ સંસ્થાઓમાં હાલમાં કુલ મળી ૫૫૨ મહિલા નર્સ તરિકેની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રહી છે, તેમ નર્સીંગ સુપ્રિટેન્ડન્ટ હિતેન્દ્ર ઝાખરિયા જણાવે છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના મેટ્રન નીરુબેન મહેતા ૩૨ વર્ષથી ડોક્ટર્સ સાથે ખભે ખભા મિલાવી દર્દીઓની સારવાર કરી રહ્યા છે, હાલ ૨૦૦ થી વધુ નર્સિંગ સ્ટાફના સંચાલનની જવાબદારી તેઓ અદા કરી રહ્યા છે. કોરોનાના દર્દીઓની યોગ્ય સારવાર ચાલે તે માટે તેમના સતત નિદર્શન હેઠળ રોજેરોજ સ્ટાફ સાથે સંકલન, દર્દીઓની ડોક્ટરની સૂચના મુજબની સારવાર થાય છે કે નહિ સહિતનું માર્ગદર્શન તેઓ કરી રહ્યા છે. સાથોસાથ પરિવારની જવાબદારી તો ખરી જ. પાંચ સભ્યોના પરિવારમાં તેઓ, તેમના પતિ અને નણંદ કોરોના પોઝિટિવ આવ્યા. પરંતુ ૧૦ દિવસની રજાને બાદ કરતા કોઈ જ રજા લીધા વગર રોજ ૧૦ કલાકથી વધુ સમય સારવાર માટે વિતાવવાનો. થાક લાગે પરંતુ એક સાથે આટલા બધા દર્દીઓ જીવન મરણ વચ્ચે જોલા ખાતા હોઈ ત્યારે સઘળું કરી છૂટવાની ઈશ્વર શક્તિ આપે છે તેમ નિરુબેન જણાવે છે.

સારવાર દરમ્યાન માત્ર દવા જ નહીં પરંતુ દર્દીને સાંત્વના, જરૂરી સમાન અને ક્યારેક મોબાઈલ પર પરિવાર જોડે વાત કરાવી આપવામાં પણ અમારી બહેનો મદદરૂપ બનતી હોઈ છે. દર્દી જ્યારે સાજો થઈ તેમના પરિવાર સાથે હસતો રમતો આશીર્વાદ આપી ઘરે જાય તે ક્ષણ અમારા જીવનની સૌથી શ્રેષ્ઠ ક્ષણ હોવાનું નીરુબેન જણાવે છે.

આવા જ એક કર્મનિષ્ઠ સિસ્ટર કાજલબેન સોઢાતર છે, જેમના સિરે કોવિડ હોસ્પિટલને કોરોના વાયરસ મુક્ત રાખવાની અને બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટની જવાબદારી છે. રોજે રોજ દવાની ખાલી બોટલો , સિરીંજ સહિતનો વેસ્ટ અલગ અલગ પ્લાસ્ટિકની બેગમાં જમા કરી તેને સેન્ટ્રલ સ્ટોરમાં જમા કરવાનો. અને તેનો યોગ્ય નિકાલ થાય તે જોવાનો હોવાનું તેઓ જણાવે છે, માત્ર તેટલું જ નહિ પરંતુ તમામ વોર્ડમાં હાઇપો ક્લોરાઇડ કેમિકલ વડે સફાઈ, બેડની રોજેરોજ ચાદર બદલાઈ તેમજ પલંગ અને ડ્રોઅર સહિતની તમામ વસ્તુ આ કેમિકલથી સેનેટાઇઝ કરવાની પણ સૌથી મહત્વની જવાબદારી તેમના સંચાલન હેઠળ કરવામાં આવે છે. નર્સિંગ સ્ટાફમાં કોઈને નીડલ ઈજરી થાય તેઓને ઇન્ફેક્શન ન લાગે તેની પણ દેખભાળ રાખવાની, લોહીના ટીપા ઢોળાયા હોઈ તો તેને પણ યોગ્ય રીતે સફાઈ થાય તે કામ પણ ખુબ ચોકસાઈ રીતે કરવાની તેમની ટીમની જવાબદારી હોવાનું કાજલબેન ઉમેરે છે.

૧૬ વર્ષથી નર્સિંગ ડ્યુટી કરતા કાજલબેન જણાવે છે કે, પહેલા એચ.આઈ.વી. કમળો કે સ્વાઈન ફલૂ વખતે ઇન્ફેક્શનનો ભય નહોતો તેનાથી વધુ હાલ ભય છે ત્યારે અમારે વધારે સાવધાનીપૂર્વક કામ કરવું પડે છે સાથોસાથ પરિવારના સભ્યોથી પણ અંતર રાખવું પડે છે.

રાજકોટ સિવિલમાં જ હેડનર્સ તરીકે ફરજ બજાવી હાલમાં આસી. નર્સીંગ સુપ્રિન્ટેન્ડટ તરીકે કાર્યરત જીન્નતબેન અબળા કહે છે કે, હાલના સંજોગોમાં દર્દીઓની સારવાર એ જ અમારી પ્રાથમિકતા હોય છે આ માટે અમે વોર્ડના ૪ વિભાગોમાં જરૂરીયાત મુજબ સ્ટાફની ફાળવણી કરીએ છીએ. સાથો-સાથ સારવાર માટે ઉપયોગમાં લેવાતી આઈટમ પણ પૂરી પાડીએ છીએ. એચ.આઈ.વી. કમળો કે સ્વાઈન ફલૂ વખતે ઇન્ફેક્શનનો ભય નહોતો તેનાથી વધુ હાલ ભય છે ત્યારે અમારે વધારે સાવધાનીપૂર્વક કામ કરવું પડે છે જો કોઈ સંજોગોમાં દર્દીનું મૃત્યું થાય તો તેની જાણ અમે દર્દીના પરિવારજનોને કરીને મૃતકના બોડીને કોવીડની માર્ગદર્શિકા મુજબ પેક પણ કરીએ છીએ.

જરૂરીયાતમંદોને મદદ કરવા રકતદાન કરો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

પ્રવર્તમાન કોરોના બીમારી તથા હાલ ઉનાળાની ગરમીનાં સમયમાં રકતની જરૂરીયાત ઉભી થઇ છે. સીવીલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકો માટે નિઃશુલ્ક લોહી મળી રહે તે માટે સૌ પ્રયત્નશીલ બને તેવી વિનંતી છે. રકતદાન કરી અમુલ્ય માનવ જિંદગીઓને તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના જીવનને બચાવવા નિમિત બનવા માટે અપીલ કરવામાં આવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટલ, બાળકોની હોસ્પિટલ ખાતે સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ, થેલેસેમીયા પિડીત બાળકો નિઃશુલ્ક સારવાર માટે આવે

આજે રકતદાન કેમ્પનું આયોજન : રસીકરણ પહેલા રકતદાન કરવા અપીલ

છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડ ગ્રુપની જરૂરીયાત છે. સિવીલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડીત બાળકોના લાભાર્થે સ્વામિનારાયણ ચોક, પી.ડી.એમ. કોલેજ પાછળ, રાજકોટ ખાતે આજ રોજ, બુધવારનાં રોજ સવારે ૯ થી ૧ વાગ્યા સુધી, તમામ કોવીડ સલામતી સાથે, રકતદાન કરી માનવ જીંદગીઓ બચાવવા વિનંતી કરવામાં આવી છે. સંસ્થાઓ, સોસાયટીઓ, સેવાભાવીઓ તાત્કાલીક રકતદાન કેમ્પનું પણ આયોજન કરે તો નાના કેમ્પ હશે તો પણ થઈ શકશે. ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથનાં લોકો, રસી મુકાવ્યા પૂર્વે અચૂક રકતદાન કરે.

સમગ્ર આયોજન અંગે મીતલભાઈ ખેતાણી (એનિમલ હેલ્પલાઇન),મીત ખખ્ખર, હિતેશભાઈ ખખ્ખર, સેંજલભાઈ મહેતા, વિજયભાઈ ટોળીયા ,નારણનભાઈ બોળીયા,વિજયભાઈ પંડ્યા. શૈલેષભાઇ હરિભાઈ ડાંગર, તેમજ વોર્ડ નંબર ૧૩ ના કોર્પોરેટરો, તેમજ આગેવાનો ને કાર્યકરોના સહયોગ થી સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે. મો: ૮૪૮૮૦૧૧૧૧૦, ૮૦૦૦૩૦૦૮૦ સંપર્ક કરી શકશે.

પી.ડી.યુ. હોસ્પિટલમાં ઓક્સિજનને વેસ્ટ થતું અટકાવવા પ્લેટફોર્મનું નિર્માણ કરાયું

ખાલી કરતા સમયે તેની અંદર રહેલો તમામ લીક્વીડ ઓક્સિજન બહાર નિકળી શકતો ન હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૧૨

રાજકોટ જિલ્લામાં કોરોના મહામારીના સમયમાં ઓક્સિજનના વપરાશને ધ્યાને લઈ જિલ્લા પ્રશાસન દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલ ખાતે ઓક્સિજનની જરૂરીયાત મુજબ લીકવીડ ઓક્સિજન ટેન્કર મારફત ઉપલબ્ધ બનાવવામાં આવે છે. આ ઓક્સિજનનું ટેન્કર એક સમતળ સપાટી પર ઉભુ રહેતું હોવાના કારણે તેને ખાલી કરતા સમયે તેની અંદર રહેલો તમામ લીક્વીડ ઓક્સિજન બહાર નિકળી શકતો નહતો. જેના કારણે અંદાજિત ૮૦૦ થી ૧૨૦૦ લીટર જેટલો જથ્થો મટીરીયલ વેસ્ટ તરીકે ટેન્કરમાં જ પડ્યો રહેતો અને આ જથ્થોનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાતો નહોતો. જેને ધ્યાને લઈ આ મહામુલા પ્રાણવાયુના જથ્થાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાય તે માટે, પી.ડી.યુ. હોસ્પિટલ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પી.ડી.યુ હોસ્પિટલ ખાતે ઓક્સિજન ટેન્કર ખાલી કરવા માટે ૮ ઇંચ ઉંચું, ૧૫ ફુટ લાંબું અને ૧૬ ફુટ પહોળુ લોખંડના એક મજબુત ઢાળવાળા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વિશિષ્ટ પ્રકારના પ્લેટફોર્મ પર ટેન્કર ઉભુ રાખવાથી, ટેન્કરનો આગળનો ભાગ ઊંચો રહે અને પાછળનો ભાગ નીચો રહે છે. જેથી ટેન્કરની અંદર રહેલો લીકવિડ ઓક્સિજનનો તમામ જથ્થો પાછળના ભાગ તરફ આવી જાય છે. જેના કારણે આ ટેન્કરની અંદર રહેલો તમામ લીક્વીડ ઓક્સીજનને આસાનીથી બહાર કાઢી શકાય છે. પ્લેટફોર્મના ટેકાના કારણે જે મટીરીયલ વેસ્ટ જતું હતું તેનો હવે સંપૂર્ણ ઉપયોગ થઈ શકે છે.

પંચાયત ચોક પાસે જાહેરમાં તીનપતિનો જુગાર રમતા સાત ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

શહેરનાં યુનિવર્સીટી રોડ પર આવેલા પંચાયત ચોક પાસે ચંદ્રમોલેશ્વર

રામાપીર ચોકડી પાસે ચાર પત્તાપ્રેમીની ધરપકડ

એપાર્ટમેન્ટ સામે બગીચા પાસે જાહેરમાં તીનપતિનો જુગાર રમતા ભીખુજસમત ઘોડાસરા, મહેશ રતા સાણદીયા, વિજય નરશી સોરઠીયા, કમલેશ પ્રતાપ ચૌહાણ, ચકુ નાનજી પરસાણા, જયંતિ અરજણ વિરડીયા તથા મહેશ વલ્લભ કાલરીયા સહિત સાત શખ્સોની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી રૂ.૩૧૫૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે અન્ય એક બનાવમાં ગાંધીગ્રામ પોલીસે રામાપીર ચોકડી પાસે જાહેરમાં તીનપતિનો જુગાર રમતા રણજીત જય બોરીચા, ઇન્દ્ર વાજા ઝાપડા, અજીત મનહર ધામૈયા, ઘનશ્યામ અભેસિંગ ડોડીયા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૨૪૦૦ કબજે કર્યા હતા.

કોંગ્રેસનાં કોર્પોરેટરો દ્વારા વોર્ડ નં.૧૫માં

કોરોનાના દર્દીઓ માટે ૩.૧૦ લાખની ગ્રાન્ટ ફાળવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

મહાનગરપાલિકા નાં વોર્ડ નં.૧૫નાં કોંગ્રેસનાં કોર્પોરેટરો મક બુલભાઈ દાઉદાણી, ભાનુબેન સોરાણી, કોમલબેન ભારાઇ અને સગડીયા દ્વારા વોર્ડ નં.૧૫ નાં કોરોના દર્દીઓ માટે ગ્રાન્ટ ફાળવી વોર્ડનાં ચારેય કોર્પોરેટરોએ અઢી-અઢી લાખની ચાર ગ્રાન્ટ કુલ રૂ.૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવાનો પત્ર આપી દીધો છે.

દવાઓ સહિતની સુવિધાઓ પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે વધુ ગ્રાન્ટ ફાળવવાની તૈયારી દર્શાવી છે.

માલધારી ફાટક પાસે ગુલાબનગરનો બનાવ

કારખાનામાંથી ઉપાડ કરેલા ૪૦ હજારની ચિંતામાં શ્રમિકનો આપઘાત

પતિને લટકતો જોઈ પત્ની હતપ્રભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૧૨

માલધારી ફાટક પાસે ગુલાબનગરમાં રહેતા પરપ્રાંતિય યુવાને કારખાનામાંથી લીધેલા ઉપાડના પૈસા પરત કરવાના ટેન્શનમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી વિગત મુજબ ઉત્તરપ્રદેશનો વતની હાલ રાજકોટ માલધારી ફાટક પાસે આવેલા ગુલાબનગર શેરી નં. ૨૦માં રહેતા વિજય સંતરામભાઈ વિશ્વકર્મા (ઉ.વ.૨૫) એ ગઈકાલે પોતાના ઘરે સાડી લાકડાની આડીમાં બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. પત્ની ઘરે આવી ત્યારે પતિને લટકતી હાલતમાં જોઈ ચિસ્કારો મચાવતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા. બાદ કોઈએ ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ની ટીમે સ્થળ પર પહોંચી ઇએમટી કિશનભાઈ છાયાએ તપાસ કરતા યુવાનનું મૃત્યુ નિપજ્યું હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતા આજોડેબ પોલીસ મથકના એ.એસ.આઈ. એમ.બી. જાડેજા તથા યોગરાજસિંહએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતક વિજય કારખાનામાં મજુરીકામ કરતો હતો તેણે કારખાનામાંથી ટુકે ટુકે ઉપાડ પેટે પૈસા લીધા તા. ઉપાડના રૂ. ૪૦,૦૦૦ પરત કરવાના ટેન્શનના લીધે તેણે આ પગલુ ભર્યું હોવાનું ખુલ્યું છે.

પતિના હત્યારે પ્રેમીને બચાવવા ગુમ થયાની થિયરી ઘડી કાઢી

(તસવીરઃ દિલીપ ગોહેલ)

પતિની જેમ મહિલાની પણ હત્યા કરી નાખવાની પ્રેમીએ ધમકી આપતા મહિલાએ પોલીસમાં પતિ ગુમ થયાની જાણ કરી હતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

જામનગર રોડ પર આવેલા આઈ.ઓસી ના ડેપો સામે બાવળની ઝાળીમાં મળી આવેલ અજાણ્યા પુરુષની લાશ બાબતે પોલીસે જાણવટ ભરી તપાસ કરતા પત્ની અને પ્રેમીનાં લગ્નેતર સંબંધોમાં આડખીલી રૂપ બનેલા પ્રોઢને પ્રેમીએ પથ્થરનાં ઘા ઝીંકી હત્યા કરી હોવાનું બહાર આવતા પોલીસે પ્રેમી અને પ્રોઢની પત્નીની અટકાયત કરી સઘન તપાસ હાથ ધરી છે.

ગઈ તા. ૦૪/૦૫/૨૦૨૧ ના રોજ બપોરના કલાક ૧૩/૫૦ વાગ્યે જાહેર થયેલ હોય આ બનાવ બપોરના આશરે બારેક વાગ્યા પહેલા બનેલ હોય જેમાં એક અજાણ્યો પુરૂષ ઉ.વ. આશરે ૫૫ વર્ષ વાળો બેભાન હાલતમાં મળી આવેલ હોય અને જેને સ.હો.માં સારવાર માટે ઘનશ્યામસિંહ યંતિદેવસિંહ ઝાલા લઈ આવતા ફરજ પરના ડો. વિમલ ગાજીપરા સા.એ.જોઇ તપાસી મરણ ગયેલ જાહેર કરતા લાશનું ઇન્કવેસ્ટ પંચનામું એ.એસ.આઈ. ઘેલુભાઇ શિયાર કરી લાશનુ ફોરેન્સિક પી.એ કરાવેલ હોય અને સ્થાનિક જગ્યાનું પંચનામુ કરી બનાવ વાળી જગ્યાનું એફ.એસ.એલ અધિકારી દ્વારા સ્થાનિક જગ્યાની વીઝીટ કરાવવામાં આવેલ. પી.એમ.નોટ આવતા જે વંચાણે લેતાં જેમાં આ કામે મરણ જનાર અજાણ્યા પુરૂષના મોઢા પર તથા નાક પર ફેક્ટર સહીતની ઇજાઓ થયેલ હોવાનું જણાયેલ અને ડો. ને મૌખિક પુછતા આ કામે મરણજનારને કોઇ બોથડ પદાર્થથી ઇજાઓ થયેલનું જણાવેલ છે.

આ કામે મરણજનારની ઓળખ સારૂ તપાસ તજવીજ ચાલુ હતી. તે દરમ્યાન તા. ૦૯/૦૫/૨૦૨૧ ના રોજ સંગીતાબેન વા/ઓ સાગરભાઇ જમનાદાસ રાઠોડ જાતે.દરજી રહે.માધાપર ગામ રાજકોટ વાળા પો.સ્ટે.ખાતે રૂબરૂ આવી તેઓના પતિ સાગરભાઈ જમનાદાસ રાઠોડ ઉ.વ.૫૫ વાળા ગઈ તા. ૦૩/૦૫/૨૦૨૧ ના રોજ રામાપીર ચોકડી ખાતેથી મોબાઇલમાં બેલેન્સ પુરાવાનું કહી જતા રહેલ છે. અને તેની સાથે મે તેના મિત્ર સંજય ઉર્ફે છોટીયાને સાથે જતો જોયેલ હતો. અને પોતાના પતિ સાગરભાઈ ગુમ થયેલની વાત કરતા તેઓને આ કામે એ. મોત- ૨૨/૨૧ ના કામે મરણજનાર અજાણ્યા પુરૂષનો ફોટોગ્રાફસ બતાવી તે બાબતે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે સદરહુ ફોટોગ્રાફમાં જણાવેલ લાશ પોતાના પતિ સાગર જમનાદાસ રાઠોડ ઉ.વ. ૫૫ વાળા નીં હોવાનું ઓળખી બતાવેલ હોય અને પોતાના પતિ ગુમ થયેલની વાત કરેલ હતી. અને મારા પતિના ઘણા મિત્રો હોય જેઓને હું ઓળખતી નથી. તેમ વાત કરેલ હતી.

તા. ૧૧/૦૫/૨૦૨૧ ના રોજ આ સંગીતાબેનની વિશેષ પુછપરછ કરતા પોતે બનાવ સંબંધ જણાવેલ કે પોતે પાંચેક વર્ષ અગાઉ રામાપીર ચોકડી પાસે ઘરકામ તથા કપડા ધોવા સારૂ કામ કરવા જતી હોય તે દરમ્યાન આ સંજય ઉર્ફે છોટીયો દેવેન્દ્ર પાસવાન (જાતે.નુસાદ રહે, કાઇસ્ટ હોસ્પીટલ જામનગર રોડ) સાથે ઓળખાણ થયેલ અને તે દરમ્યાન પોતાને તેની સાથે પ્રેમસંબંધ બંધાયેલ અને સંજયએ મારા પતિ સાગરભાઇ સાથે ઓળખાણ કાઢી તેનો મિત્ર બની ગયેલ અને તે અવારનવાર અમારા ઘરે આવતો જતો હતો. અને અમો બંને જણા એકબીજાના પ્રેમમાં હતા અને અમો બન્ને જણા વચ્ચે પતિ-પત્ની તરીકેના સંબંધો હતા, અને આ સંજયએ પણ મારી પત્ની તરીકે સ્વીકાર કરેલ હતો. અને મારા પતિ સાગર દરજીકામ કરતો હોય અને તેમાં સાવ મંદી હોય અને કામ પણ ચાલતું ન હોય. જેથી મારા ઘરમાં બધુ આ સંજય પુરૂ કરતો હતો. અને સાગર મારા કરતા ઘણી મોટી ઉંમરનો હોય જેથી મને તે ગમતો પણ ન હોય અને સંજય મારી ઉંમરનો હોવાથી તે મને ગમતો હોવાથી તેને હું મારો પતિ માનતી હતી. અને અમો એકબીજાને પ્રેમ કરતા હતા.

ત્યારબાદ મને તા. ૦૩/૦૫/૨૦૨૧ ના સાંજના સંજયે મને ફોન કરી જણાવેલ કે મે સાગરનું પથ્થરના ઘા મારી પુરૂ કરી નાખેલ છે, અને તેની લાશ જામનગર રોડ આઈ.ઓ.સી.ગેટની સામે બાવળની ઝાડીઓ પાસે પડેલ છે. તેમ વાત મને સંજયે ફોનમાં કરેલ હતી, જેથી આ સંજયે મારા પતિ સાગરને મોઢા પર તથા નાક પર પથ્થરના ઘા મારી મારી નાખેલ છે, તેમ વાત કરેલ હતી. અને ઓ સંજય અવારનવાર મને ફોન કરી તું મારી પાસે આવીજા પછી આપણે બિહાર ભાગી જઇએ. તેમ વાત કરતો હતો. અને મને ફોનમાં સંજયે કહેલ કે તુ પોલીસમાં ફરીયાદ કરીશ તો હુ તારૂ પણ નામે પોલીસને આપી દઇશ. અને તને પણ તારા પતિની જેમ મારી નાખીશ તેવી ધમકી આપતા મને બીક લાગેલ કે આ સંજય મારા પતિની જેમ મને પણ બિહાર લઇ જઇને મારી નાખશે. જેથી મે પોલીસને જે તે વખતે મારા પતિના મોત બાબતે વાત કરેલ ન હતી. અને મારા પતિ ગુમ થયા અંગેની જ વાત કરેલ હતી.

બામણબોરનાં પત્રકાર બાબુ ડાભીનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ રાજકોટ જીલ્લાના બામણબોર ગામના પત્રકાર બાબુભાઈ ડાભીનો આજ ૪૮ મો જન્મદિવસ છે. તે ફિલ્મ તથા સંતવાણી કલાકારો સાથે સંકળાયેલ છે. હાસ્ય કલાકાર તેમજ રામદેવ ડિજિટલમાં મોડલિંગ તરીકે કામ કરે છે. આજે તેમના જન્મદિવસ પર પરિવારજનો સગા-સબંધીઓ શુભેચ્છા મિત્રો મો.નં. ૬૩૫૪૯ ૬૮૫૨૯ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. ત્યારે 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી બાબુભાઈને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભેકામનાઓ...

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

તંત્રી સ્થાનેથી...

વિશ્વના દેશોમાં હાહાકાર મચાવનાર કોરોનાની બીજી લહેરની અસર ચીનમાં કેમ નહીં?

૨૦૨૦ ના વર્ષમાં કોરોના વાયરસ જનક તરીકે વિશ્વના દેશોએ ચીનને જવાબદાર ઠેરવવા સાથે તેના ઉત્પાદનોનો બહિષ્કાર કર્યો હતો. અમેરિકા, યુરોપના દેશો અને ભારત સહિતના દેશો ચીનને વિશ્વના હાંસિયામાં ધકેલી દેવાના તમામ પ્રયત્નો કર્યા હતા. અ વિશ્વભરના લોકો સાથે ભારતના લોકોમાં ચીન સામે ભારે આક્રોશ ફરી વળ્યો હતો તે સાથે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનું અભિયાન મોટા પાયે ચાલ્યું હતું. આ બધું છતાં ભારતના લોકો જાણે-અજાણે ચીનના મોબાઈલ ખરીદીમાં ગળાડુબ રહ્યા હતા.પરિણામે ભારતના મોબાઈલ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ચીનનો બની રહ્યો હતો. ચીનની શિયાળ નીતિને કોઈ દેશ સમજી શક્યું ન હતું! વર્ષ ૨૦૨૦માં મે-જૂન મહિનામાં ચીનનું વૂહાન કોરોનાવાયરસ સામે ઝઝૂમતુ હતું. એક અંદાજ અનુસાર વૂહાનમાં ફોનની દોઢ કરોડથી વધારે ફોનની રિંગ વાગતી બંધ થઈ ગઈ હતી. કોઈ ઉપાડતુ નહોતું તેવી સ્થિતિ રહી હતી!, છતાં ખંધા ચીનની શિયાળ ચાલે આ વિગતો બહાર આવવા દીધી ન હતી તો કોરોના વાયરસ બાબતે નિવેદન કરનાર ચીની વૈજ્ઞાનિક ગુમ થઈ જાય છે. જોકે કોરોનાએ વિશ્વના દેશોને ઘમરોળવામાં બાકી રાખ્યા ન હતા. ત્યારે ચીનના વૂહાન સિવાય કોરોના વાયરસની ચીનના અન્ય કોઈ પ્રાન્ત કે વિસ્તારમાં અસર થઈ ન હતી તે બાબત નોંધનીય છે. બીજી તરફ ઇટાલી, બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ, મેક્સિકો, ભારત, બ્રાઝિલ, મિડલ ઈસ્ટ, અખાતી અને આફ્રિકી દેશોમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો હતો.. આ તમામ દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યા હતા. જે પૈકીના અનેક દેશો આજે ૨૦૨૧માં કોરોનાની બીજી લહેર શરૂ થઈ ત્યાં સુધીમાં પોતાના દેશની અર્થવ્યવસ્થાને પાટા પર ચડાવી શક્યા નથી.! ત્યાં ૨૦૨૧માં પુનઃ વિશ્વભરમાં કોરોનાની બીજી લહેર ત્રાટકી છે. વિશ્વના મોટાભાગનાં દેશો તેની ચપેટમા આવી ગયા છે. ત્યારે ચીનમાં તેની કોઈ અસર નથી અને ચીનનું અર્થતંત્ર તેજ ગતિએ દોડી રહ્યું છે. કોરોના ની બીજી લહેર ત્રાટક્યા પછી પણ વિશ્વની મહાસત્તાઓ સહિતના વિકાસશીલ દેશો સંગઠીત બની એ પ્રશ્ન નથી ઉઠાવી શકતા કે વિશ્વના દેશો કોરોનાથી ત્રાહીમામ્ છે ત્યારે ચીનમાં તેની અસર કેમ નથી? વિશ્વ ભરમા ફરી એકવાર કોરોના ની બીજી લહેર હાહાકાર મચાવતા અમેરિકા સહિતના દેશોએ ચીન સામે કોરોના જનક તરીકે દોષારોપણ શરૂ કરી દીધું છે...બીજી તરફ વિશ્વના વિજ્ઞાનીઓ મૌન ધારણ કરીને બેઠા છે અને કોરોના નાયક રસી હસંશોધન તરફ વળી ગયા છે. પરંતુ સો ટકા સફળતા મળી નથી! કોરોનાની બીજી લહેરે કરોડો લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે અને લાખો- લાખો લોકોને મોતના ખપ્પરમાં હોમી દીધા છે. તે સાથે ચીન સિવાયના વિશ્વના દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યા છે. ચીન આંતરરાષ્ટ્રીય હબ છે, ચીનમાં વિશ્વભરના દેશોના લોકો કમાવા- ધંધાર્થે આવતા હોય છે. અમેરિકા, ભારત, યુરોપના દેશોની કંપનીઓમા ચીની રોકાણકારો જામી પડેલા છે. ચીન વિશ્વના દેશોને ડુપ્લીકેટ ચીજવસ્તુઓ પહોંચાડતું મોટું સેન્ટર છે. વિવિધ દેશોમાં ટેકનોલોજી, એરલાઈન્સ, બંદર સહિતના વિવિધ પ્રોજેક્ટોમાં મોટા રોકાણો કરવામાં અવ્વલ છે.તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટોથી મહાસત્તાઓ પણ દંગ થઈ જાય છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૨-૦૫-૨૦૨૧, બુધવાર, વૈશાખ સુદ-પડવો, સૂર્યોદય-૬-૦૧, સૂર્યાસ્ત-૭-૦૮, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : વૃષભ (બ,વ,ઉ) , નક્ષત્રઃ કૃતિકા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી
શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત,
૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી,
૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી
૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી
૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

દુનિયાભરમાંથી કોરોના વાઈરસ દૂર થાય તેવી પ્રાર્થના કરી

દાઉદી વ્હોરા સમાજે ઈદ ઉલ ફીત્રની ઉજવણી કરી

વ્હોરા બિરાદરોએ રમજાનમાસમાં નમાઝ અદા કરી પવિત્ર કુરાન શરીફનું પઠન કર્યું

(હસામુદ્દીન કપાસી)

જસદણ, તા.૧૨

સૌરાષ્ટ્રભરમાં આજે બુધવારે વહેલી સવારે દાઉદી વ્હોરા સમાજે પવિત્ર રમઝાન માસના અંતે આવતી ઈદ ઉલ ફીત્રની ઉજવણી પોતાના ઘરમાં કરી અલ્લાહનો આભાર માન્યો હતો અને કોરોનાની બિમારી દુનિયાભરમાંથી હટે એવી દુઆઓ ગુજારી હતી . દાઉદી વ્હોરા સમાજએ પવિત્ર રમઝાન માસના ૩૦ રોઝા ગઈકાલે પૂર્ણ કર્યા હતાં. આ રમઝાનમાસ દરમિયાન સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર, મોરબી, બોટાદ, જૂનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, દ્વારકા, જેવાં જિલ્લાથી માંડી જસદણ જેવડાં તાલુકા મથક સુધીના વ્હોરા બિરાદરોએ આખો રમઝાનમાસ રોઝા પાણી સમયસર નમાઝ અદા કરી અને પવિત્ર કુરાન શરીફનું પઠન કર્યું હતું દરમિયાન સમાજના શ્રીમંતોએ રોકડ રકમ અને અનાજનું દાન કરી અલ્લાહનો રાજીપો મેળવ્યો હતો. ત્રીસ રોઝા પૂર્ણ કરી આજે હજ્જારો વ્હોરા બિરાદરોએ પોતપોતાના ગામમાં ઘરે જ ફરની નમાજ બાદ ઈદની બે રકઅત નમાઝ પઢી પાક પરવરદિગાર સમક્ષ પોતાના ત્રેપનમાં દાઈ (સર્વોચ્ચ ધર્મગુરુ) નામદાર ડો. સૈયદના અબુ જાફરસાદીક આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) ના સ્વાસ્થય અને દીર્ઘાયુ માટે અને કોરોના વાઈરસ દેશ અને દુનિયામાંથી વિદાય લે એવી દુઆ પ્રાર્થના કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં આજે ઈદ ઉજવાય જેમાં સરકારની ગાઈડલાઈનનું અક્ષરસ પાલન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે ડો . સૈયદના સાહેબે તાજેતરમાં કોરોના મહામારીને લઈ દેશમાં એક કરોડ કરતાં વધુ રકમ આપી હોવાનું જાણવા મળે છે.

સાધુ વાસવાણી મિશન(પુના)ના વડા કિષ્નાકુમારીના જન્મદિવસ નિમિત્તે

જરૂરીયાતમંદ પરિવારને આર્થિક સહાય પૂરી પડાઈ

કોવિડના દર્દીઓને ઓક્સિજન સીલીન્ડર પુરા પડાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સાધુ વાસવાણી મિશન (પુના) નાં વડા દીદી કિષ્નકુમારીના જન્મદિવસ નિમિતે કોરોનાની મહામારી સંબંધે સાધુ વાસવાણી સેન્ટર રાજકોટ દ્વારા સેવાકીય પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ૨૦૦ જેટલા જરૂરીયાતમંદ પરિવારને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી હતી તથા સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ તમામ કોરોનાના દર્દીઓને ઈમ્યુનીટી બુસ્ટર ડ્રાયફ્રુટ પેકેટસ આપવામાં આવ્યા હતા. તદઉપરાંત વિના મૂલ્યે જરૂરીયાતવાળા કોરોનાના દર્દીઓને પણ ઓક્સીજન સીલીંડર પુરા પાડવામાં આવી રહેલ છે.

આ વિકટ સમયમાં સાધુ વાસવાણી મિશન સેવા કાર્ય કરી રહેલ છે જે કાર્યમાં રાજકોટ કેન્દ્રના અનુયાયીઓ, હોદેદારો તથા સાધુ વાસવાણી શાળાના શિક્ષકગણ તથા કર્મચારીગણ વિગેરે સેવા કાર્યોમાં સહયોગ આપી રહેલ છે. દાદા જે. પી. વાસવાણીજીના સૂચવેલ સેવાપથ પર આગળ વધી રહેલ દીદી કિષ્નાકુમારીને સાધુ વાસવાણી સેન્ટર દ્વારા સેવાકાર્યો થકી શુભેચ્છા આપવામાં આવી હતી.

વિવિધ ગ્રુપના સહયોગથી કોરોના વેક્સિનેશન બીજા ડોઝનો કેમ્પ સંપન્ન

૬૫૧ લોકોએ વેકસીનેશનનો લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગર પાલિકા આયોજીત રોયલપાર્ક સંઘ તથા શેઠ ઉપાશ્રય સંઘ-વ.ન તથા યંગ ઈન્ડિયન્સ ગૃપ ના સહયોગ તથા પ્રેરણાથી કોરોના વેક્સિનેશન બીજા ડોઝના કેમ્પમાં ૬૫૧ લાભાર્થીઓએ વેક્સિનેશનનો લાભ લીધેલ હતો. ડે.મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્થાનિક કોર્પોરેટરો, પરેશભાઈ હમ્બલ તથા આરોગ્ય ટીમ ઉપસ્થિત રહેલા હતા તેમજ ડે.મેયરએ દરેકને સુરક્ષીત રહેવા વેક્સિન અચૂક લ્યો તેવી અપીલ કરેલ હતી. કોરોના વેક્સિનેશન બીજા ડોઝના કેમ્પનું ઉદઘાટન તથા દીપ પ્રાગટય ડે.મેયર ડો. દર્શિતાબેન શાહ, ડો. રાજેશ્રીબેન ડોડીયા, ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, નરેન્દ્રસિંહ વાઘેલા, પરેશભાઈ હમ્બલ, ચંદ્રકાંતભાઈ શેઠ તથા સગઠનની ટીમ દ્વારા કરવામાં આવેલ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા માટે થઈ રોયલપાર્ક સંઘ સેવા સમિતિ, શેઠ ઉપાશ્રય સંઘ સમિતિ, જૈન પ્રોગ્રેસીવ ગૃપ તથા યંગ ઈન્ડીયન્સ ગૃપના રૂષભભાઈ શેઠ વગેરે... રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ - સંઘ સમિતિ તથા શેઠ ઉપાશ્રય સંઘ સમિતિના ચંદ્રકાંતભાઈ શેઠ, કોર્પોરેશનના કમિશ્નર અગ્રવાલ સાહેબ તથા આરોગ્ય વિભાગના રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ તમામ કાર્યકર્તાઓએ ખૂબજ જહેમત ઉઠાવીને સેવાનું અનોખું ઉદાહરણ પુરું પાડેલ હતું.

શૈલેષભાઈ માઉ, જગદીપભાઈ દોશી, હેમલભાઈ મહેતા, વિજયભાઈ આશરા, નિતીનભાઈ દોશી, કિર્તનભાઈ દોશી, રાજુભાઈ મોદી, કેતનભાઈ પારેખ, વિરેશભાઈ ગોડા, દિલીપભાઈ મહેતા, વિશાલભાઈ પારેખ, બિપીનભાઈ પારેખ, પપ્પુભાઈ મહેતા, કેતનભાઈ શેઠ, વ્યોમેશભાઈ શાહ, તેજસભાઈ દોમડીયા, ચેતનભાઈ વખારીયા, વિજયભાઈ પારેખ, પ્રકાશભાઈ આશરા, જગદીશભાઈ ગોસલીયા, પ્રકાશભાઈ આશરા, જગદીશભાઈ શેઠ, હિતેનભાઈ કામદાર, ભાવિનભાઈ ઉદાણી, રમેશભાઈ શેઠ, પ્રતિકભાઈ મોદી, જતીનભાઈ કોઠારી, અજયભાઈ વોરા, હસુભાઈ શાહ, દીનેશભાઈ ટીંબડીયા, પ્રફુલભાઈ ઘાટલીયા, મિતુલભાઈ મહેતા વિગેરે અનોખી સેવા પૂરી પાડેલ હતી.

જેતપુરમાં બુલેટ ચલાવવા બાબતે યુવાન પર હુમલો

યુવાનને બેફામ મારમારી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા આઠ શખ્સો સામે નોંધાયો ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

જેતપુરમાં નવા ગઢ વિસ્તારમાં બુલેટ ચલાવવાની ના કહેતા સારું નહીં લાગતા આઠ જેટલા મુસ્લિમ શખ્સોના ટોળાએ યુવાનને બેફામ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા જેતપુરમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જેતપુરમાં રામૈયા હનુમાન વિસ્તારમાં રહેતી સોનલબેન ઉર્ફે કાળીબેન લલિતભાઈ ચાવડા (ઉ.વ.૩૫) નામની દલિત મહિલાએ જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં આરોપીમાં આજ વિસ્તારમાં રહેતો સમીર ઉર્ફે સમા કારું ખોખર, આમીર રાજુ ખોખર, રીયાજ, રમીજ, બાદશાહ, અસલમ, અફતાક, નજીર સહિત આઠ શખ્સોના નામ આપ્યા છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેના મોટા દિકરા નયનએ નવું બુલેટ ખરીદ કર્યું હોય તેના મિત્ર અફતાક તો જન્મ દિવસ હતો. ત્યારે તેનું નવું બુલેટ લઈને ગયો હતો. બુલેટ કોઈને ચલાવવા ન આપવાનું કહ્યું હોવાથી નયનને બુલેટ ચલાવવાની ના કહેતા આ બાબતનો ખાર રાખી નયનનો નાનો ભાઈ કેતન ને સમીર ઉર્ફે સમા, આમીર રાજુ ખોખર, રીયાજ, રમીજ, બાદશાહ, અસલમ, અફતાક, નજીર સહિતના શખ્સોએ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી કેતનને બે ફામ મારમારી ગંભીર ઈજા કરી નાસી જતા મહિલાએ જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે નાયબ પોલીસ અધિક્ષક એમ.એન.રાવલએ તપાસ હાથ ધરી છે.

૭ દિવસમાં પેટ્રોલ ૧.૬૫ : ડીઝલ ૧.૮૮ રૂપિયા થયું મોંઘુ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા. ૧૨

પેટ્રોલ-ડીઝલની કિંમતોએ સામાન્ય જનતાની પરેશાની વધારી દીધી છે. સરકારી ઓઈલ કંપનીઓએ આજે ફરી પેટ્રોલ-ડીઝલના ભાવ વધારી દીધા છે. આ વધારાથી પેટ્રોલ-ડીઝલ બંનેની કિંમત ઓલટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. નોંધનીય છે કે ૪ મેથી બંને ઈંધણના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે, જેમાં માત્ર ૭ દિવસના વધારાથી પેટ્રોલ ૧.૬૫ રૂપિયા પ્રતિ લીટર મોંઘું થઈ ગયું છે. દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલ ૯૨ રૂપિયા પ્રતિ લીટરને પાર પહોંચી ગયું છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૪ મેથી વધારો ચાલુ થયો છે. ત્યારથી લઈને ૭ દિવસની અંદર થયેલા ભાવવધારાને જોઈએ તો પેટ્રોલની કિંમતમાં ૧.૬૫ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થયો છે. ડીઝલની કિંમત પણ ૭ દિવસમાં ૧.૮૮ રૂપિયા પ્રતિ લીટર વધી.

મૂળ વાંકાનેરની મહિલાનો રાજકોટમાં પુત્રના ઘરે ગરમ હિટર પકડી આપઘાત

માનસિક બિમારીથી કંટાળી અગાઉ પણ ગરમ હિટર વડે દાઝી જય આપઘાતનો પ્રયાસ કર્યોથતો ; બે સમતાનોએ માતાની છત્રછાયા ગુમાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૧૨ માધાપર ચોકડી પાસે સુંદરમ સીટી પાર્કમાં પુત્રના ઘરે રોકાવવા આવેલા મૂળ વાંકાનેરની માતાએ ગરમ હિટર વડે પેટના ભાગે ગંભીર ઈજાઓ કરી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

પ્રામ વિગતો મુજબ માધાપર ચોકડી પાસે સુંદરમ સીટી પાર્કમાં રહેતા અમિતગિરી ગોસ્વામીના ઘરે રોકાવવા આવેલા મૂળ વાંકાનેરના પુષ્પાબેન મહેન્દ્રગિરી ગોસ્વામી (ઉ.વ ૬૮) એ આજે સવારે પાણી ગરમ કરવાના હિટર વડે પેટના ભાગે ડામ દઈ ગંભીર ઈજા પહોંચાડી હતી.માતા બેભાન થઈ ગયાની જાણ થતાં પુત્ર અમિતગિરીએ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. જો કે ફરજ પરના તબીબે નિષ્પ્રાણ દેહ જાહેર કરતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

અગાઉ ૨૦ એપ્રિલના રોજ પણ મહિલાએ વાંકાનેરમાં માનસિક બિમારીથી કંટાળીને ગરમ પાણીના હિટર વડે ડામ દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેની સારવાર રાજકોટમાં પુત્રને ઘરે રોકાઈ સિવિલમાં મેળવતા હતા. આજે ફરી આત્મઘાતી પગલું ભરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. વાંકાનેર તાલુકા પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે

બહેનપણી સાથે ઝગડો થયા બાદ યુવતીએ એસિડ પી લેતા સારવાર હેઠળ

રાજકોટ તા ૧૨ શહેરના ખોડિયારપરામ આવેલા કાનાભાઈ મફતિયાપરામાં રહેતી મોનિકાબેન રમેશભાઈ વાઘેલા નામની ૨૦ વર્ષીય યુવતીને બહેનપણી જીવિષા સાથે ઝગડો થયા બાદ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.થોરાલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માનસરોવર પાર્કમાં પિતાએ ઠપકો આપતા પુત્રએ ઝેર પીધું

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

શહેરનાં આજીડેમ ચોકડી પાસે માનસરોવર પાર્કમાં રહેતા પ્રદિપ ખીમજી પરમાર (ઉ.વ.૨૦) ને તેના પિતા ખીમજીએ કારખાનામાં કામ-ધંધો કરવા બાબતે ઠપકો આપ્યો હતો. જે બાબતનું માઠું લાગી આવતા પુત્રએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શ્રીનાથજી પાર્કમાં પરિણીતાએ પતિની ટકટકથી ઝેરી દવા પીધી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

મવડી ગામમાં રામઘણ આશ્રમ પાછળ શ્રીનાથજી પાર્ક-૨ માં રહેતા ભારતીબેન કાંતીભાઈ ગોહેલ (ઉ.વ.૨૭) ને રાત્રીનાં સમયે પતિ કાંતીને કામેથી મોડું આવવા બાબતે ઝઘડો થયો હતો. કાયમી મોડું આવવા બાબતે દરરોજ થતી ટકટકથી કંટાળી ઝેરી પાવડર ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

તાલુકા પોલીસે નિવેદન ઓળી વધુ તપાસ હાથ ધરી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર કાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર કાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

વાચકોએ નોંધ લેવી કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

બ્રાહ્મણોના ઈષ્ટદેવ ભગવાન વિષ્ણુનાં છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામ

જય જય પરશુરામ...

પરશુરામ જયંતિએ તન, મન, બુધ્ધિ અને અહંકારનું શુધ્ધિકરણ કરીને ભગવાનને પામીએ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામ જમદગ્નિ ઋષિ અને રેણુકાના પુત્ર રૂપે વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયાના રોજ પ્રગટ થયા હતા. સમસ્ત જગતના આરાધ્ય દેવ અને બ્રાહ્મણોના ઈષ્ટદેવ એવા ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા ભગવાન પરશુરામજીની આગામી ૨૫ ના અખા ત્રીજના પાવન પર્વ જન્મજયંતિ આવી રહી છે.

પરશુરામનું જન્મસ્થળ મધ્યપ્રદેશમાં ઓમકારેશ્વર પાસે આવેલું માનવામાં આવે છે. કહેવાય છે કે પરશુરામ અમર છે. પરશુરામની માતૃભકિત અને ભાતૃપ્રેમનું દ્રષ્ટાંતનું ઉદાહરણ જોતા એક વખત પરશુરામની જન્મદાત્રી દેવી રેણુકા નિત્યક્રમ અનુસાર સ્નાનાદીથી પરવારી પુષ્પો વગેરે લઈને આશ્રમ તરફ આવતા હતા. ત્યારે જંગલમાં એક યુગલની પ્રણયક્રિડા જોઈને રેણુકાના મનમાં મોહમાયા ઉત્પન્ન થઈ, પરિણામે તેમની અસામાન્ય સિધ્ધિઓ ઉપર પાણી ફરી વળ્યું, આ આખીયે ઘટના જાણી જમદગ્નિ ઋષિ ભારે ક્રોધિત થયા અને પોતાના પુત્રોને રેણુકાના શિરચ્છેદની આજ્ઞા કરી. ચારમાંથી એકેય દિકરો માતાની હત્યા માટે તૈયાર ન થતાં જમદગ્નિ ભારે ક્રોધિત થયા અને તેમના ક્રોધની આગથી ચારેય દિકરા ભસ્મીભૂત થયા. માતા પ્રત્યે પરમ લાગણી હોવા છતાં પિતૃઆજ્ઞાને માન આપી પરશુરામે દેવી રેણુકાનો વધ કર્યો, અને પોતાની જન્મદાત્રીનો વધ માત્ર પિતૃઆજ્ઞાને કારણે કરવો પડયો હોવાથી પરશુરામ અત્યંત દુઃખમાં સરી પડયા, ત્યારે પિતા જમદગ્નિ તેમને કોઈ વરદાન માંગવા કહે છે. ત્યારે પરશુરામ માતા સહિત પોતાના ચારેય ભાતૃઓને નવજીવન આપવા પિતાને પ્રાર્થના કરે છે. અને પિતા જમદગ્નિ પ્રસન્ન થઈને માતા રેણુકા અને ચારેય ભાઈઓને સજીવન કરે છે. આમ, ભગવાન પરશુરામની માતૃભકિત અને ભાતૃપ્રેમ બેજોડ હતો.

પરશુરામ ભગવાન શિવજીનું તપ કર્યું હતું અને વરદાનમાં શિવજીએ પરશુ (કુહાડી) આપી હતી, ત્યારથી તેનું નામ પરશુ પડયું હતું. શિવપુરાણ, રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યો તેમજ વિવિધ ધાર્મિક ગ્રંથોમાં પણ ભગવાન પરશુરામનો ઉલ્લેખ જોવા મળે છે. રામાયણમાં સીતા સ્વયંવર વખતે ભગવાન પાશુપતનું ધનુષ્ય ભંગ કરવાનો પ્રસંગ હોય કે મહાભારતમાં કાશી નરેશની પુત્રીઓના સ્વયંવરમાંથી ભીષ્મ દ્વારા રાજકુમારીઓના હરણની ઘટના હોય ત્યારે પરશુરામે એક વીર પુરૂષ તરીકેની ભૂમિકા ભજવી છે. મહાભારત કાળમાં પણ ભગવાન પરશુરામ એ ભીષ્મ, દ્રોણ અને કર્ણ જેવા મહારથીઓના વંદનીય ગુરૂ હતા. આમ ભગવાન પરશુરામએ ચીરંજીવ, શોર્યતા અને જ્ઞાનનું પ્રતિક છે અને અજર અમર છે. અગ્નિપુરાણમાં દર્શાવ્યા અનુસાર પરશુરામે મહેન્દ્ર પર્વત ઉપર વસવાટ કર્યો હતો. પરશુરામે સમુદ્રને ભેદીને જમીન વિસ્તાર ઉભો કર્યો હતો. જે કોકણ તરીકે આજેય પ્રખ્યાત છે. આમ પરશુરામનો જન્મ અનેક રહસ્યોથી ભરપૂર છે અને દેવતાઓ માટે પડકારરૂપ છે. ભારતીય સમાજ ભગવાન પરશુરામને શોર્યના પ્રતીક તરીકે યાદ કરીને અખાત્રીજના રોજ પરંપરાગત પરશુરામ જયંતી ધામધૂમ પૂર્વક અને હર્ષોલ્લાસથી ઉજવે છે. આમ, ભગવાન પરશુરામની જન્મ જયંતિએ સૌ તન, મન, બુધ્ધિ અને અહંકારનું શુધ્ધિકરણ કરીને ભગવાનને પામીએ, જય જય શ્રી પરશુરામ.(૧.૧)

સંકલનઃ હરેશ જોષી (મીડિયા ઈન્ચાર્જ) જયંત ઠાકર (પ્રવકતા)

વિહિપ સંજીવની કેન્દ્ર દ્વારા શનિવારથી
જરૂરિયાતમંદ કોરોના દર્દીઓને ઓકિસજન સીલીન્ડર અપાશે

રામસેતુ ટ્રસ્ટ દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ સેવા વિભાગને ઓકિસજન સીલીન્ડર અર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨

રામસેતુ ટ્રસ્ટ રાજકોટ દ્વારા વિશ્વ હિન્દૂ પરિષદ રાજકોટ સેવા વિભાગને ઓક્સીજન સીલીન્ડર અર્પણ કરાયા વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમા લઇને વિહિપ દ્વારા અલગ અલગ સમરસ હોસ્પીટલો તેમજ કોરોના વોરીયર્સને ઊકાળા વિતરણની સેવા ચાલુ છે. તે ઉપરાંત રામસેતુ ટ્રસ્ટના ટ્રસ્ટી શકિતરાજ અશોકસિંહ ડોડીયા (કેશરીનંદન ઇન્ડસ્ટ્રીયલ પાર્ક) તરફથી વિહિપ સેવા વિભાગની કોરોના કાળ દરમીયાન સરાહનીય કામગીરીને ધ્યાને રાખતા ઓક્સિજન સિલીન્ડર અર્પણ કરવામા આવેલ. જેમા ભાવેશભાઇ પટેલ, મુકુટભાઇ સોની, વિહિપ સૌરાષ્ટ્ર પ્રાંતના મંત્રી ભુપતભાઇ ગોવાણી, વિશેષ સંપર્ક પ્રમુખ હરેશભાઇ ચૌહાણ, વિહિપ રાજકોટ અધ્યક્ષ શાંતુભાઇ રુપારેલીયા, રાજકોટ પશ્ચિમ જીલ્લા મંત્રી રાહુલભાઇ જાની તેમજ બજરંગ દળ સૌરાષ્ટ્ર પ્રાંત વિદ્યાર્થી સંયોજક હર્ષભાઇ વ્યાસ ઉપસ્થિત રહેલ. વિહિપ સંજીવની કેન્દ્ર દ્વારા તા.૧૫ ને શનિવાર ના રોજથી જરુરીયાતમંદ કોરોના ગ્રસ્ત દર્દીઓ માટે ઓક્સીજન સીલીન્ડર વિહિપ કાર્યાલય, ૮-મીલપરા કોર્નર, રાજકોટ ખાતેથી આપવામા આવશે. જેમા દર્દીનુ આધારકાર્ડ, કોરોના રિપોર્ટની ઝેરોક્ષ અને ડોક્ટરનુ પ્રિસક્રિપ્શન સાથે આપવાનું રહેશે. ૮૫૧૧૩૧૧૦૦૮, ૯૦૧૬૫૬૨૩૨૭ વધુ માહિતી માટે પર સંપર્ક કરવો.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

રાજકોટમાં દવા-ઈન્જેકશનો અંગે સરકારી દાવાઓમાં અનેક છીંડાં

બિલ્ડીંગમાં મ્યુકરમાઇકોસિસનો ઓન વોર્ડ આજથી શરૂ કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં ગઇકાલથી અત્યાર સુધીમાં ૧૫૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ રાખવામાં આવ્યા હોવાનું સિવિલના આંતરીક તબીબી વર્તુળો પાસેથી જાણવા મળ્યું છે. કોરોનાના બિમારીથી મુકત થયેલા દર્દીઓને ઘેરી વળતો આ નવો ભયાનક વાઇરસ દર્દીઓ માટે સારવાર ન મળે તો ઘાતક પરિણામ લાવે છે. આ દર્દીને એક નહીં બે નહીં પણ ૮૦ થી ૧૫૦ ઇન્જેકશન આપવા પડે છે જેના કારણે સારવારનો ખર્ચ લાખો રૂપિયાનો આંકડો પાર કરી જાય છે એટલે સામાન્ય મર્યાદિત આવક ધરાવતા પરીવારો અને ગરીબ પરીવારોના દર્દીઓ માટે ઇશ્વર સિવાય કોઇ આસરો રહયો નથી. જે પરીવારો ખર્ચ કરવાની ક્ષમતા ધરાવે છે એમને દવા કે ઇન્જેકશન મળતા નથી એ પણ વિધિની વક્રતા છે. કેમ કે, નાણા ખર્ચી શકે એમ હોવા છતાં એમને પોતાના બિમાર પરિજન માટે મ્યુકર સારવારના ઇન્જેકશન કયાંય મળી રહયા નથી એમની ફરીયાદ ઘણી ગંભીર છે. દરમ્યાન રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને એક તાકિદનો પત્ર પાઠવવામાં આવ્યો છે જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખે એવી રજૂઆતો કરી છે કે, કોરોનાના તાંડવ વચ્ચે મ્યુકરમાઇકોસિસે માથું ઉચકયું છે ત્યારે આ રોગમાં ઘેરાયેલા દર્દીઓએ રાજકોટના એક પણ મેડિકલ સ્ટોરમાં ઇન્જેકશન મળતા નથી. દવા અને ઇન્જેકશન ન મળવાને કારણે દર્દીઓ મોતને ભેટી રહયા છે. અશોક ડાંગર અને શહેર કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ પ્રદિપ ત્રીવેદીએ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે કે, અમે અવાર-નવાર લેખીક અને મોખીક રજૂઆત કરી છે. પણ સરકાર કોરોનાના દર્દીઓની પૂરતી સુવિધા કરી શકતી નથી ત્યારે મ્યુકરમાઇકોસિસ મહામારીમાં સરકાર શું પગલા લેશે?, દર્દીઓને કેવી રીતે દવા આપશે?, ઇન્જેકશનનો જથ્થો કયારે અપાશે?, આવા સવાલો લોકો પુછી રહયા છે અને લોકોમાં ચિંતાનો માહોલ છે. દર્દીઓને સરકારના પાપે મોતને ભેટવું ન પડે એ માટે તમામ દવા, ઇન્જેકશનો, તબીબી સેવાઓ અને એમફોટ્રીસીન-બીપ૦ નો પુરતો સ્ટોક રાખવા અને દર્દીઓને મોતના મુખમાંથી બચાવી લેવા બન્ને આગેવાનોએ મુખ્યમંત્રીને અનુરોધ કર્યો હતો.

૬ દાયકાથી વધુ સમયથી શુધ્ધ ધાણાજીરૂ પાવડરનું વેચાણ
હાથી મસાલાએ શુધ્ધ ધાણાજીરૂ પાવડરનું નવુ પોકેટ ફ્રેંડલી પેકિંગ બજારમાં મુકયુ

માત્ર રૂ.૫ માં ૧૫ ગ્રામ, રૂ.૧૦ માં ૩૦ ગ્રામ પાઉંચ પેકીંગમાં મળશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૨

ધાણાજીરું પાવડર એક કુદરતી એન્ટીઑકિસડન્ટ છે અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરી શકે છે. હાલના કપરા કોરોના કાળમાં લોકો તેનો લાભ લઇ શકે માટે હાથી મસાલાએ શુદ્ધ ધાણાજીરું પાવડરનું નવું પોકેટ-ફ્રેંડલી પેકિંગ બજારમાં મૂક્યુ છે. શુદ્ધ ધાણાજીરું પાવડરની ઉપયોગિતા, લાભ અને માંગને ધ્યાનમાં રાખી શુદ્ધ સ્પેશિયલ ધાણાજીરું પાવડર નવાં માત્રને માત્ર ૫ રૂપિયા(૧૫ ગ્રામ) અને ૧૦ રૂપિયાની(૩૦ ગ્રામ) કિંમત ધરાવતા પાઉચ પેકિંગ બજારમાં રજુ કર્યા છે. આજના સમયમાં જયારે બધે જ ભેળસેળ જોવા મળે છે ત્યારે શુદ્ધ અને સહજ વસ્તુ મેળવવી કપરી છે ત્યારે ૬ દાયકાથી વધુનો સમયથી હાથી મસાલા શુદ્ધ ધાણાજીરું પાવડરનું વેચાણ કરે છે. હાથી મસાલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરી અનુભવ, ગહન રિસર્ચ, તથા અત્યાધુનિક ટેક્નોલોજીને સાથે રાખી પ્રતિ વર્ષ ૪૦૦ ટન સર્વોત્તમ ધાણાજીરું પાવડરનું ઉત્પાદન કરે છે.

હાથી મસાલા ત્રણ પ્રકારના ધાણાજીરું પાવડરનું ઉત્પાદન કરે છે: ૧) ધાણાજીરું સ્પેશ્યલ પાવડર (૧૫ ગ્રામથી લઈ ૨૦ કિલો સુધીના પેકિંગ) ૨) ધાણાજીરું રાજસ્થાની ગ્રીન પાવડર (૫૦૦ ગ્રામથી લઈ ૨૦ કિલો સુધીના પેકિંગ) ૩) ધાણાજીરું પાવર ડિલક્સ પાવડર (૫ અને ૨૦ કિલોના પેકિંગ) માં ઉપલબ્ધ કરાવે છે. ધાણાજીરું પાવડરના ઉત્પાદનને માટે માત્ર રાજસ્થાન અને ગુજરાતથી માત્રને માત્ર શ્રેષ્ઠ ધાણા અને જીરું જ ખરીદે છે. હાથી મસાલા પાસે અત્યાધુનિક ઇન-હાઉસ લેબોરેટરી છે જેમાં વિશ્વસ્તરીય મશીનરી થકી ધાણાજીરું પાવડરની ગુણવત્તા અને સુસંગતતા તપાસવામાં આવે છે.

હાથી મસાલા ધાણાજીરું પાવડરનું અનોખું મિશ્રણ એક વિશિષ્ટ સ્વાદ અને સુગંધ માટે જાણીતું છે. આ મિશ્રણ મનગમતી વાનગીમાં સ્વાદ ઉમેરે છે. ધાણાજીરું પાવડર ભારતીય વાનગીઓમાં ઘણો વપરાય છે. હાથી મસાલાનો ધાણાજીરું પાવડર ધાણા અને જીરાનાં મૂળ હિતકારક તત્વોથી સમૃદ્ધ છે. તે એક ચોક્કસ રીતને અનુસરીને તૈયાર કરવામાં આવે છે કે જેને પરિણામે ગ્રાહકને ઉત્તમ સ્વાદ મળી રહે. તેનો ઉપયોગ સીઝનીંગ અને ગાર્નિશિંગમાં પણ થાય છે. હાથી મસાલા દરેક વખતે સંપૂર્ણ લીલા કુદરતી રંગની બાંયધરી આપે છે.

જેતપુરમાં શખ્સે મકાન સળગાવ્યાની ફરિયાદ કરનાર મહિલાને ધમકી

નરસંગ ટેકરીના નામચીન ડુંગળીએ લખણ ઝળકાવી મહિલાનું ગળું દબોચી જાપટો મારી ભાગી ગયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૨

જેતપુરમાં ભાદરનાં સામાકાંઠે નરસંગ ટેકરી વિસ્તારમાં નામચીન શખ્સે અગાઉ મકાન સળગાવ્યું હોય જેની ફરિયાદ કરતા શખ્સે ખાર રાખી ફરિયાદ પાછી ખેંચી લેવા મહિલાને ધમકી આપી મારમારતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ભાદર કાંઠે નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતી મીનાબેન ધનજીભાઈ રાઠોડ (ઉ.વ.૪૨) નામની મહિલાએ જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે અગાઉ આ વિસ્તારમાં રહેતો રાહુલ ઉર્ફે ડુંગળી ચંદુ ભરડીયા નામના નામચીન શખ્સે આ વિસ્તારમાં રહેતી મધુબેન વિજુડાનું મકાન સળગાવ્યું હોય જેની ફરિયાદ કરી હોય જે બાબતનો ખાર રાખી ગઈકાલે રાહુલ ઉર્ફે ડુંગળીએ મહિલાને બેફામ ગાળો ભાડી જાપટ મારી ગળુ દબાવી દઈ તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી જતા જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ એચ.વી.સોવલીયા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

જસદણમાં પાંચ વર્ષના મોહીને રોઝું રાખી અલ્લાહની ઈબાદત કરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)
જસદણ, તા.૧૨

જસદણની ગેબનશા સોસાયટીમાં રહેતાં મેમણ પરિવારના મોઈન સાજિદભાઈ હુનાણી નામના પાંચ વર્ષીય બાળકે હાલ ચાલી રહેલ ઇસ્લામ ધર્મના પવિત્ર રમઝાનમાસમાં રોઝું રાખી અલ્લાહની ઈબાદત કરી હતી. મોહીને અલ્લાહ પર પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી રોઝા પાળતા હુનાણી પરિવારમાં રુહાની ખુશીનો માહોલ રચાયો હતો.

અમરેલી જિલ્લા ભાજપ અગ્રણી કાનાબારે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી

અધુરા લોકડાઉનથી કોરોનાનું સંક્રમણ અટકતું નથી

અધકચરા લોકડાઉનનો કોઈ ફાયદો નથી, સંપૂર્ણ લોકડાઉન લાદો અથવા ઉઠોવીલ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ ડો. ભરત કાનાબારે રાજય સરકારે વધુ એક અઠવાડિયા માટે લોકડાઉન લંબાવતા તે અંગે પ્રદેશ ભાજપા પ્રમુખ સી.આર. પાટીલને ટેલિફોનિક રજૂઆત કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, અધકચરા લોકડાઉનથી કોરોનાનું સંક્રમણ અટકતું નથી અને વેપાર-ધંધા થતા નથી. સરકારે સંપૂર્ણ લોકડાઉન લગાવવું જોઈએ અથવા તો લોકડાઉનથી દૂર રહેવું જોઈએ.

ધારી નજીક આવેલ મુંજાણીયા ગામની સીમમાં
દીપડાએ મહિલા ઉપર હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી, તા.૧૨

ધારી તાલુકાના મુંજાણીયા ગામે રહેતા કંચનબેન ગોબરભાઈ ચારોલા નામની ૪૫ વર્ષીય મહિલાએ ભાગવી રાખેલ વાડીમાં મગના વાવેતરમાં પાણી વાળવાનું હોય જેથી લાઈટની રાહ જોઈ બેઠા હતા.

ત્યારે અચાનક જ દીપડો આવી જતા હુમલો કરી કોણી પાસે ઈજા કરેલ. મહિલાએ રાડારાડ કરતા તેણીનો પતિ જાગી જતા પ્રથમ ધારી તથા વધુ સારવાર માટે અમરેલી દવાખાને સારવાર માટે ખસેડાયેલ છે.

Globalisation થી આત્મનિર્ભર

જુના **idea** એ જુના કપડા જેવા હોય છે થોડા સમય રહીને પાછા ચલણમાં આવી જાય. દુનિયાભરની સરકારો પાછું **industrial policy** ને નામે પોતાના દેશમાં જ જરૂરી વસ્તુઓનું ઉત્પાદન કરવાનું.

એ પછી **semi conductor** હોય કે **pharma company** માટેનું કાચો માલ હોય. એ પછી સરકાર **Washington** માં હોય કે **bejing** માં હોય કે દિલ્હીમાં હોય. આ બધી જગ્યા એ સબસિડી અને આત્મનિભરતાને નામે દુનિયાભરમાં આ ગીત ગવાઈ રહ્યું છે.

(C.A.)
(ઉમેશ ગોસર-મુંબઈ)

૧૯૯૦ ના દાયકામાં **economic development** એ જરૂરિયાત હતી અને **Cold War** ખતમ થઈ ગયું હતું એટલે સરકારોને પોતાના દેશમાં કેમ રોકાણ વધે અને આર્થિક વિકાસ થાય એમાં રસ હતો.

હવે ભૌગલિક દુશ્માનવટ લીધે અને વિશ્વના બે મોટા દેશોની વચ્ચે ભરોસાની કમીને લઈને હવે ચીન અને અમેરિકા બને પોતાના દેશમાં **semi conductor** થી લઈને **rare earth mineral** સુધી આત્મનિભર બનવા માંગે છે.

આને લીધે અમેરિકાએ જરૂરી **technology** ચાઇનાને આપવાની ના પાડી અને ચાઈના પોતાના દેશની માંગ વધારવાની વાત કરે છે અને નવી **technology** માં રોકાણ વધારી રહ્યું છે.

આપણા દેશમાં પણ આત્મનિર્ભર નીતિની હેઠળ જરૂરી વસ્તુ નું ઉત્પાદન વધારવા માટે સરકાર સબસિડી અને બીજા લાભો ઉધાગોને આપવા માટે આગળ આવી છે.

એવી જ રીતે બ્રિટનની સરકારે **satelight company** ને ખરીદી લીધી છે જેથી એ કંપની **technology** બીજે ન જાય.

કોવીડ ૧૯ ને લીધે હવે એક ફેશન થઈ ગયું છે નવી **industrial policy** લઈ આવી ને અને લોકલ ઉત્પાદકોને સહાય કરવાનું. **Vaccine** ની નિકાસ માટે પણ નિયમો આવી ગયા છે.

સામાન્ય લોકો જે મત આપે છે એના માટે આ બહુ જ સારું લાગે છે. પણ જે લોકો **free economy** માં વિશ્વાસ ધરાવે છે એ લોકો કહે છે કે આવું ૬૦ અને ૭૦ ના દાયકામાં આવી નીતિઓ લાવીને દેશ ચલાવેલો એ ને લીધે દેશ ખૂબજ પાછળ રહી ગયો.

એટલે જે લોકો આવી નીતિ માટે **support** આપે છે એનું પરિણામ કેવું આવશે એ તો આવનારો સમય કહેશે.

પાછા મળશું આવતે અડવાડિયે ત્યાં સુધી જે જે **ઉમેશ ગોસર**

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

ત્રીજી લ્હેર અને મ્યુકરમાયકોસિસના આક્રમણ સામે પૂર્વ તૈયારી જરૂરી

પણ હવે વ્યાજબી ભાવે મળતા થયા છે. લોકો માટે રસીકરણ પણ મફત છે. આ સ્થિતિ મ્યુકરની વાત કરીએ તો સાવ ભિન્ન પ્રકારની દેખાઈ રહી છે. સૌરાષ્ટ્રમાં કોરોનાથી સાજા થયેલા દર્દીઓ હવે મ્યુકરની જપેટમાં આવી રહ્યા છે. જેની સારવાર માટેના ઈન્જેકશનોની કિંમત માથું ધમી જાય તેવી છે. એ દિશામાં તાકીદે પગલા લેવાની જરૂર છે નહિતર ગરીબ અને ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગીય પરિવારો માટે મ્યુકરની સારવાર કરાવવાનું અશક્ય બની રહેશે. તબીબી વર્તુળો પાસેથી જાણવા મળ્યા મુજબ મ્યુકરમાયકોસિસના દર્દીને તેના શરીરના વજન મુજબ ૮૦ થી માંડીને ૧૫૦ જેટલા ઈન્જેકશન આપવા જ પડે છે. હવે ઈન્જેકશનના ભાવ સાંભળો. એક ઈન્જેકશનનો મહત્તમ ભાવ રૂ.૭૯૦૦ છે અને ઓછામાં ઓછો ભાવ રૂ.૨૬૯ છે. એ રીતે એક દર્દીને સાજો કરવામાં તેના પરિવારને ખાલીમ ઈન્જેકશન માટે રૂ.૧૧ થી ૧૪ લાખ ખર્ચવા પડે અન્ય ખર્ચો તો જુદો. આટલો ખર્ચો કરવા જતા સારી આવકવાળા પરિવારો પણ બરબાદ થઇ જાય. ગરીબ અને મધ્યમ વર્ગની તો વાત જ ક્યાં કરવી આવા પરિવારોએ સારવાર કઈ રીતે લેવી. તેમને રાહત આપવા શું કરવું જોઈએ એ દિશામાં સરકારે અત્યારે સરકારે યુદ્ધના ધોરણે વિચારવાની જરૂર છે. એક સૂચન એવું પણ થયું છે કે, સસ્તી દવા આપવા માટે કેન્દ્ર સરકારે ઠેર-ઠેર પ્રધાનમંત્રી જનઔષધી મેડીકલ સોપ શરુ કરી છે. કોરોનાને લગતી તમામ દવાઓ ઈન્જેક્શન અને ખાસ કરીને મ્યુકરની દવાઓનું વિતરણ પ્રધાનમંત્રી દવા કેન્દ્રોમાંથી સસ્તા ભાવે થવું જોઈએ. જેથી કરીને ગરીબ અને મધ્ય વર્ગી પરિવારોને મોંઘીદાટ દવાઓ સસ્તા ભાવે મળી શકે. મ્યુકરના મોંઘા ભાવના ઈન્જેકશન અંગે સરકારે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસ ઓથોરીટી સાથે ચર્ચા કરવી જોઈએ અને સસ્તું ભાવ બાંધણું કરવું જોઈએ. આ દિશામાં તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી બન્યું છે. બીજી એક એવી ગંભીર ફરિયાદ મળી છે કે, રાજ્ય સરકારના આદેશ છતાં ખાનગી હોસ્પિટલોમાં માં કાર્ડ અને આયુષ્માન કાર્ડ સ્વીકારવામાં આવી રહ્યા નથી જેના કારણે દર્દીઓ લુંટાઈ રહ્યા છે. છતાં આવી હોસ્પિટલોને ફરજ પાડવામાં આવી રહી નથી. ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર અતિશય મોંઘી છે. ગરીબ દર્દીઓ ખાનગીમાં સારવાર લેવાનું વિચારી પણ શકતા નથી. હોસ્પિટલો કાર્ડનો ઉપયોગ કરે તો જ ગરીબ પરિવારો ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઇ શકે. રાજ્ય સરકારે હાઈકોર્ટમાં સોગંધ નામું કરીને ખાતરી આપી ચુકી છે છતાં ખાનગી હોસ્પિટલો મનમાની કરી રહી છે અને કાર્ડનો સ્વીકાર કરતી નથી. સરકારે આવી હોસ્પિટલો સામે કડકમાં કડક પગલાં લેવા જોઈએ તેના બદલે સરકાર હાથ બાંધીને બેઠી રહી છે. સરકારી હોસ્પિટલોમાં બેડ અને સારવાર ન મળે તો આવા નબળા પરિવારોના દર્દીઓ માટે તો ખાનગી હોસ્પિટલની સારવાર એક સપનું જ બની રહેવાની છે. શું આવા દર્દીઓને આપણે સામેથીસારવારના અભાવે મોતના મુખમાં ધકેલી દેવા છે? ખાનગી હોસ્પિટલો સામે શું કામ લાલ આંખ કરવામાં આવતી નથી. એ લોકોને સમજાતું નથી. આપણા મુખ્યમંત્રી ખૂબ સંવેદનશીલ રીતે કામ કરી રહ્યા છે. આવા સંજોગોમાં તેવો દરમ્યાનગીરી કરી ગરીબોની સારવાર કરવાની અને કાર્ડ થકી જ સારવાર કરવાની ખાનગી હોસ્પિટલોને ફરજ પાડે એવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે. રાજકોટની વાત કરીએ તો કોઈ કહેવાતી આધુનિક હોસ્પિટલ માં કાર્ડ કે આયુષ્માન કાર્ડ સ્વીકારટી ન હોવાની સેંકડો ફરિયાદો ઉઠી છે. રાજ્ય સરકાર અને હાઈકોર્ટ બંનેને ઊંઠાં ભણાવી રહેલી આવી તમામ ખાનગી લકઝરી ફાઈવ સ્ટાર હોસ્પિટલોના સંચાલકોને કાયમી યાદ રહી જાય એવો પાઠ ભણાવવાની લોકોમાં ઉગ્ર માંગણી થઇ રહી છે. માત્ર કાંડું પકડીને સેંકડો રૂપિયાની ખાલી નિદાન ફી લઇ લેતા આવા તબીબો અને હોસ્પિટલો સમગ્ર સમાજ માટે શરમ ગાથા જેવા બનીને ઉભરી રહી છે. આવા કલંકિત તબીબી વર્ગને કાબુમાં લેવા માટે રાજ્ય સરકારે લાલ અંખ કરવી પડશે.

રાજકોટમાં પહેલીવાર કોરોના મૃત્યુ આંકમાં જોરદાર ઘટાડો, ૩૮નાં મોત

કેસોમાં અને મૃત્યુઆંકમાં આજે પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. પરંતુ આવા કપરા સમયમાં તબીબો અને નર્સોએ હડતાલ પર ઉતરવાનું પગલું લીધુ હોવાથી કોરોના દર્દીઓની સારવારમાં ભારે હાડમારી ઉભી થવા પામી છે રાજય સરકારે તાત્કાલીક હડતાલનો અંત લાવવો જોઇએ તેવી દર્દીઓ અને પરીવારજનોની માંગણી છે. સુરતમાં ગંભીર દર્દીઓની સંખ્યામાં આજે પણ ઘટાડો નોંધાયો હતો. સંખ્યા બંધ કોવિડ કેર સેન્ટરોમાં ફેબીફલુ જેવી દવા અને ઇન્જેકશનોની અછતની ગંભીર ફરીયાદો આજે પણ બહાર આવી હતી. રાજયમાં ધણા સ્થળે અછતને કારણે કોવિડ કેર સેન્ટરો બંધ કરવાની ફરજ પડી છે. વડોદરામાં કોવિડ સમરસ હોસ્પિટલમાં આજે એક એક ઓક્સિજન લીક થવાથી દોડધામ મચી ગઇ હતી જો કે કશું નુકશાન થયું નથી. ભાવનગરમાં પણ એક કોવિડ હોસ્પિટલમાં આગ લાગી હતી. પરંતુ દર્દીઓનો કુદરતી બચાવ થયો હતો. અઘોષીત લોકડાઉનને કારણે રાજયમાં સંક્રમણ ઘટી રહયું હોવાના અહેવાલો વચ્ચે રાજય સરકારે ૩૬ શહેરોમાં નાઇટ કર્ફ્યુ અને દિવસના નિયંત્રણો ૧૮મી મે સુધી લંબાવી દીધા છે. રાજયમાં અત્યારે શહેરો કરતા ગામડાઓમાં પરિસ્થિતિ વધુ વણસી રહી છે. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અધ્યક્ષામાં મળેલી કેબીનેટની બેઠકમાં ગામડાઓમાં વધતા કોરોના સંક્રમણ પર ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજયની એકદંર કોરોના પરિસ્થિતિનું મુલ્યાકન પણ કરવામાં આવ્યું હતું. રાજયમાં આજે નવા કેસોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો નવા ૧૦૯૯૦ કેસો નોંધાયા હતા. સુરત, ભાવનગર અને રાજકોટમાં કોરોનાના દર્દીઓ માટે જોખમ મ્યુકરમાઇકોસીસનો રોગચાળો વધુને વધુ બેફામ બની રહયો છે એ માટેના ખાસ ઇન્જેકશન અને દવાઓની પણ ભારે ખેંચ ઉભી થવા પામી છે. અમદાવાદમાં નવા ૩૧૨૭ કેસ નોંધાયા હતા અને ૧૮ દર્દીઓના મૃત્યુ થયાનું નોંધાયું હતું, સુરતમાં ૧૦૫૫ કેસો નોંધાયા હતા અને ૧૩ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા, વડોદરામાં ૧૦૫૭ કેસો નોંધાયા હતા અને ૧૦ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા, ગીર સોમનાથમાં ૧૮૦ કેસો નોંધાયા હતા અને ૨ના મૃત્યુ થયાનું નોંધાયું હતું, અમરેલીમાં ૨૧૨ કેસો નોંધાયા હતા અને ૧ દર્દીનું મૃત્યુ થયું હતું, ભાવનગરમાં ૩૬૪ કેસો નોંધાયા હતા અને ૩ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા, રાજકોટમાં ૨૪ કલાકમાં ૫૫૩ કેસો નોંધાયા હતા, જૂનાગઢમાં ૨૪ કલાકમાં ૪૭૨ કેસો સામે ૧૦ દર્દીઓએ જાન ગુમાવ્યો હતો, મોરબીમાં ૫૧ અને પોરબંદરમાં ૪૩ કેસો નોંધાયા હતા.

વેક્સિન લેવા ના છૂટકે વિશ્વ બજારમાં દોડી જતા રાજયો

રસીનો જથ્થો ખરીદવા માંગે છે. મહારાષ્ટ્ર સરકારે નક્કી કર્યુ છે કે, કોરોના રસી અને રેમડેસિવિર મેળવવા માટે વૈશ્વીક ટેન્ડર બહાર પાડવામાં આવશે. સરકારે ૧૦ લાખ ઇન્જેકશન, ૪૦ હજાર ઓક્સિજન કોનસનટ્રેટર તથા ૨૫ હજાર મેટ્રીક ટન મેડિકલ ઓક્સિજન માટે વિશ્વ કક્ષાએ ટેન્ડર બહાર પાડયા છે. મુંબઇ મહાપાલિકાએ અલગ રીતે વેક્સિન મેળવવા વિશ્વમાં ટેન્ડર બહાર પાડયું છે. આખા મુંબઇનું રસીકરણ કરવા માટે ૫૦ લાખ ડોઝની આંતરરાષ્ટ્રીય બજારમાંથી ખરીદી કરવામાં આવશે. આંધ્રપ્રદેશ સરકાર પણ ટેન્ડર બહાર પાડીને શકય તેટલી જલ્દી વેક્સિનની ખરીદી કરવા ઇચ્છુક છે.

દેશમાં કોરોનાનો ઉત્પાત યથાવત : એક દિવસમાં સૌથી વધુ ૪૨૦૫ના મોત

કેસોમાં ભારે ઉછાળો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં લગભગ ૪૯૫૬ હજાર નવા કેસો નોંધાયા હતા, વધુ ૪૨૦૫ લોકોએ જાન ગુમાવ્યો હતો. જેના કારણે મહારાષ્ટ્રમાં લોકડાઉન ૩૧મી મે સુધી લંબાવવામાં આવે તેવી શકયતા છે. ઓક્સિજનની તંગી ભોગવતા કેરળની સરકારે અન્ય રાજયોને પુરવઠો આપવાનો ઇન્કાર કર્યો છે. દેશમાં અત્યાર સુધીમાં લગભગ બે કરોડ લોકો કોરોનાથી મુકત થઇ ગયા છે. એક્ટિવ કેસોની સંખ્યા ઘટીને ૩૭ લાખ થઇ ગઇ છે. કોવિડ સારવાર માટે પ્લાઝમા થેરાપીનો ઉપયોગ કરવા અંગે આઇસીએમઆર દ્વારા વિચારણા ચાલુ કરવામાં આવી છે. એ માટેની નવી ગાઇડલાઇનસ બહાર પાડવામાં આવશે તેમ સંસ્થાના ડીરેકટર જનરલ બલરામ ભાર્ગવે જણાવ્યું હતું.

કોરોના દર્દીઓને બચાવવા તાકીદે પગલા ભરવા માંગ

નવા ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરી ઓક્સિજનની અછત દૂર કરો

સરકારી-ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનના કારણે કોરોના દર્દીઓના મોત થઈ રહ્યા છેઃ ઓલ ઈન્ડિયા એમએસઆઈ ફેડરેશન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલે એક નિવેદનમાં જણાવ્યું છે કે કોરોનાં મહામારીમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતના કારણે કોરોના દર્દીઓ મૃત્યુ પામી રહ્યા છે જ્યારે બીજા અનેક દર્દીઓ જીવન-મરણ વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે. દેશ અને રાજ્યોમાં ઓક્સિજનની અછતને લીધે પરિસ્થિતિ ગંભીર છે. કોરોના મહામારીનો બીજો તબક્કો હજુ વધુ ઘાતક સાબિત ના થાય માટે નવા ઓક્સિજન પ્લાન્ટ શરુ કરી ઓક્સિજનની અછત નિવારવા અને કોરોનાના દર્દીઓને બચાવવા તાકીદે પગલાં ભરવા ફેડરેશનની માંગણી છે. પ્રવર્તમાન સમયમાં કોરોનાની મહામારી સામે વડાપ્રધાન, આરોગ્ય મંત્રાલય, કેન્દ્ર અને રાજ્ય સરકારોના તમામ વિભાગો અને અધિકારીઓ, ડોક્ટરો અને પેરા મેડિકલ સ્ટાફ વગેરેએ કોઈ કસર છોડી નથી. આ સૌ લોકોએ કોવીડ સારવારમાં દર્દીઓ માટે ઓક્સિજનની વધતી માંગને પહોંચી વળવા માટે સતત ૨૪ કલાક સુધી કાર્યરત અને ચિંતિત રહ્યા છે છતાંય આવી પરિસ્થિતિમાં ફેડરેશનનું મહત્વનું સૂચન કોરોના દર્દીઓ માટે ઓક્સિજન ઉત્પાદન આગામી દિવસોમાં યુદ્ધના ધોરણે શરુ કરવા બાબતે છે. જે હોસ્પિટલો માટે ઓક્સિજન જરૂરી હોય તેમના માટે ઓક્સિજનનો વપરાશ કરતા ઉદ્યોગ એકમોએ પોતાના ઉત્પાદનો માટે ૧૫ થી ૨૦ દિવસ માટે ઓક્સિજનનો વપરાશ બંધ રાખી હોસ્પિટલો તેમજ ઘરે સારવાર લઈ રહેલા દર્દીઓને ઓક્સિજનનો સપ્લાય મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.મગનભાઈ પટેલે વધુમાં જણાવ્યું છે કે આ અંગે ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશન દ્વારા તા.૨૧.૯.૨૦૨૦ના રોજ એક પત્ર દ્વારા ઓક્સિજનની અછત અંગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું અને વિનંતી કરવામાં આવી હતી કે ઓક્સિજન પ્લાન્ટ અત્યારે ઈન્ડસ્ટ્રીઝ માટે મોટાભાગનો ગેસ બનાવે છે અને ઈન્ડસ્ટ્રીઝની અંદર ઓક્સિજન એ પ્રાણવાયુ છે,કારણ કે તેના વગર કોઈપણ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ ચાલી શકે નહિ અને તેનાથી કોઈપણ મશીનો બની શકે નહિ. દેશમાં કોરોનાનો મહાપ્રકોપ ચાલુ છે ત્યારે આગામી દિવસોમાં કોરોનાના દર્દીઓ માટે ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ઓક્સિજનની માંગ વધી શકે છે જેથી ઓક્સિજનના ઉત્પાદનને વધારવા તાકીદે આગોતરા પગલાં લઈ સુનિયોજિત આયોજન કરવું પડશે.

સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ માટે

રૂા.૫.૫૦ કરોડની મુખ્યમંત્રી સહિતના ધારાસભ્યોએ ગ્રાન્ટ ફાળવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

રાજકોટમાં કોરોના સંક્રમિત જરૂરિયાતવાળા દર્દીઓને પૂરતા પ્રમાણમાં અવિરતપણે ઓક્સિજન-પ્રાણવાયુ મળતો રહે તે માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટ શહેર-ગ્રામ્યના ચારેય ધારાસભ્યો ઓની ગ્રાન્ટમાંથી વધુ ૧૦ નવા ઓક્સિજન પ્લાન્ટ યુદ્ધના ધોરણે સિવિલ હોસ્પિટલ- રાજકોટમાં કાર્યરત કરાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત શહેર- પૂર્વના ધારાસભ્ય અરવિંદભાઈ રૈયાણી અને દક્ષિણના ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલે તેમને મળતી વાર્ષિક ગ્રાન્ટના તમામ રૂ. ૧.૫૦-૧.૫૦ કરોડ એમ કુલ રૂ. ૪.૫૦ કરોડ જ્યારે રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાએ રૂ. ૧ કરોડ એમ કુલ રૂ. ૫.૫૦ કરોડની ફાળવણી ૧૦ નવા ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા માટે કરી છે. ગ્રામ્યના ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયાએ તેમની ધારાસભ્ય તરીકેની બાકી રહેતી બચત ગ્રાન્ટ તેમના મત વિસ્તારમાં આવતા CHC અને PHC માટે ફાળવી આપી છે.

કોરોના મહામારીમાં લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે

ઈદની ખુશીનો ત્યાગ કરી સાદગી અને સોહાર્દપૂર્ણ મનાવવા દર્દભરી અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

મુસ્લિમ અગ્રણી ફારૂક ભાઈ બાવાણી, હબીબભાઈ કટારીયાની યાદીમાં જણાવ્યા મુજબ છેલ્લા એકાદ વર્ષથી કોરોનાને કારણે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ત્યારે આવા સમયે ધંધા-રોજગાર બંધ થવાથી નાના-રોજમદારો મજુર વર્ગ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને કફોડી હાલતમાં પોતાનું જીવન ગુજરી રહ્યા છે. ત્યારે આગામી ઈદની ખુશીનો ત્યાગ કરી સાદગી અને સૌહાર્દપૂર્ણ મનાવવા દર્દભરી અપીલ કરી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સમસ્ત આલમ-એ-ઈસ્લામને આગામી ઈદ વિશે પ્રવર્તમાન કઠીન સંજોગોમાં આવેલ ઈદનો તહેવાર ગળે મળવાને બદલે દિલ મેળવવાનો પૂર્વ બનવો જોઈએ. આ વર્ષ પુરતા બીનજરૂરી નવી ખરીદી ટાળી સાદગીપૂર્ણ રીતે ઉજવવી જોઈએ. તમામ સમાજના, આડોશ-પાડોશના સગા-સંબંધીઓમાના ગરીબ, મધ્યમવર્ગીય જરૂરતમંદો માટે દિલોમાં સંવેદના ઉત્પન્ન કરી તેમની જરૂરતોને નજર સમક્ષ રાખી પરસ્પરના વાદ-વિવાદ, વિખવાદ તથા ગેરસમજો, સઘળું ભલી ખભ્ભે-ખભ્ભા મીલાવી તમામ લોકો એક ધ્યેય, એક મકસદ સાથે આવા પરિવારોને મદદરૂપ બની આગામી ઈદ મનાવવાની જરૂરત ઉપર ભાર મુકયો હતો.આ ઉપરાંત પ્રશાસનની સૂચના મુજબ સૌ આવતા-જતા માસ્ક પહેરે, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા અને જરૂરત વગર ઘરની બહાર ન નીકળવા તથા કોરોના વેકસીન મુકાવી પ્રસાશનને સાથ-સહકાર આપી, આપણી અમૂલ્ય જીંદગી બચાવવા પ્રયત્ન કરીએ તો જ હારશે કોરોના, જીતશે ગુજરાત ઉપરાંત

ગરીબોને મદદ કરવાનો અનુરોધ કરતા બાવાણી-કટારીયા

અલ્લાહપાક પવિત્ર રમજાન માસની બરકતોથી સર્વ મુસ્લિમ બિરાદરોના રોજા, નમાજ, તરાવીહ, જકાત, સદકા, ફિત્રા, ખેરાત, સહિતની ઈબાદતને કબુલ ફરમાવે તેમ દુઆગીરો ફારૂક બાવાણી તથા હબીબ કટારીયાએ જણાવેલ છે.

શુક્રવારે બ્રહ્મસેનાનો ૨૨ મો સ્થાપના દિવસ

પરશુરામ જયંતિની ઉજવણી ઘરે કરવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ભગવાન વિષ્ણુનાં છઠા અવતાર અજર અમર ભગવાન પરશુરામ જયંતિ (અક્ષય તૃતીય) અખાત્રીજનાં રોજ સૌ ધર્મપ્રેમી પરિવાર કોરોનાથી રક્ષણ માટે પ્રાર્થના કરવા અનુરોધ.

બ્રહ્મસેના ૨૧ વર્ષ પૂર્ણ કરી, ૨૨ માં વર્ષે મંગલ પ્રવેશ કરશે, કોરોના કાળમાં સતત બીજા વર્ષે સાદગી સભર પૂજા-અર્ચના વિવિધ ક્ષેત્રે સૌ હોદ્દેદારો, સભ્ય, સ્નેહીમિત્ર પરિવાર પોતાના ઘરે જ ભગવાન પરશુરામજીનું પૂજન-અર્ચન કરી સૌ નાં હૃદયો વિરાજમાન પરમાત્મા સૌનું રક્ષણ કરે માટે પ્રાર્થના કરીએ. બ્રહ્મસેના દ્વારા રાજ્યનાં દરેક શહેર-જિલ્લા, તાલુકા-ગ્રામ્ય ક્ષેત્રની તમામ શાખા સંચાલકોએ નોંધ લેવી બ્રહ્મસેના સ્થાપક-અધ્યક્ષ જગદીશ રાવલની યાદીમાં જણાવ્યું છે.(૧.૫)

લોઢવા ખાતે બી.એ.પી.એસ સંસ્થા દ્વારા

કોવિડ સેન્ટર ખાતે ઓક્સિજન કન્વેટર મશીન અર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સમગ્ર ગુજરાતમાં હાલમાં કોરોના મહામારી છે. ત્યારે સમસ્ત લોઢવા ગામના યુવાનો દ્વારા લોઢવા ખાતે કોવિડ સેન્ટર કાર્યરત છે અને કોવિડનાં દર્દીઓને ઓક્સિજનની ખૂબ જ જરૂરત પડી છે. તેથી સ્વામીનારાયણ બી.એ.પી.એસ સંસ્થા દ્વારા ગામડામાં ઓક્સિજનની ઘટના કારણે કોઈનું મૃત્યુ થાય તેવા હેતુસર લોઢવા ખાતે ચાલતા કોવિડ સેન્ટરમાં સંસ્થાનાં કાર્યકરો રૂબરૂ મુલાકાત લઈને કોવિડ સેન્ટરને એક ઓક્સિજન કન્વેટર મશીન તથા ઓક્સો મીટર અર્પણ કરેલ છે. આ પ્રસંગે કોવિડ સેન્ટરનાં યુવાનો તથા ગામનાં સરપંચ ગોવિંદભાઈ ભોળા તથા સામાજીક કાર્યકર ભગવાનભાઈ સોલંકી તથા હાજરીમાં ઓક્સિજન કન્વેન્ટર તથા ઓક્સો મીટર અર્પણ કરેલ છે.

ભાજપ સરકારે લોકોને અચ્છેદિનના સપના બતાવ્યા

સરકાર ખાતરના ભાવમાં વધારો પરત ખેંચો, નહીંતર સરકારને ઘેરાવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ જીલ્લા કોંગ્રેસ પ્રવકતા ભાવેશ ભાસાએ રાજ્યપાલને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, દેશની આઝાદી પછી આટલા વર્ષોમાં આટલો મોટો ભાવ વધારો ક્યારેય થયો નથી. ભુતકાળમાં કોંગ્રેસની સરકાર વખતે આંતરરાષ્ટ્રીય બજારમાં પણ કાચા મટીરીયલની કિંમત વધતી ત્યારે સરકાર સબસીડી વધારતી હતી. પરંતુ ખેડુતોને ખાતર સસ્તુ અપાતું હતું. હાલ ગુજરાત પાસે જુના ભાવનું ખાતર છે. તે જુના ભાવેજ આપવામાં આવે કારણ કે હાલ કોરોનાની મહામારીમાં લોકો ખુબ મુશ્કેલીઓ વેઠી રહયા છે. મોંઘવારી, બેરોજગારીથી પીડાઈ રહ્યા છે. ત્યારે ખેડુતોના ખેતી માટેના મેઈન વપરાશ ખાતર ઉપર ૫૦ થી ૬૦% જેટલો જંગી ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. દેશના વડાપ્રધાન ભારતની જનતાનું કંઇક વિચારે ફકત ખાતરના ભાવ વધારાથી ખેડુતો ઉપર ૧૪૦૦ કરોડનું ભારણ વધ્યો અને સરકાર ૨૫૦ કરોડની વધારાની કમાણી કરશે.

જીલ્લા કોંગ્રેસ પ્રવકતા ભાવેશ ભાસાએ રાજ્યપાલને રજૂઆત કરી

ભાજપા સરકારે લોકોને સપના બતાવ્યા હતા અચ્છીદીન, મનકી બાત, ખેડુતોની આવક બમણી, વર્ષે બે કરોડનોકરી, ગેસ પેટ્રોલના ભાવો ઘટાડવાના? પણ આજે બમણા કરી નાખ્યા છે. વધુમાં સરકાર ભાવ વધારો પાછો ખેંચે અન્યથા ગામડે-ગામડે ખેડુતોને સાચી વાત જાગૃત કરી સરકારનો ઘેરાવ વિરોધ કરવામાં આવશે. ભાવેશ ભાસા, પ્રવકતાની યાદી જણાવે છે.

અવસાન નોંધ

રાજકોટ: મૂળ ચોકી(સોરઠ) હાલ નડિયાદ નિવાસી ગુર્જર સુથાર દિલીપભાઈ નરસિંહભાઈ કરગથરા (ઉ.વ.૫૬) તે રાજુભાઈ, અશોકભાઈના મોટાભાઈ, ઉદય, તૃપાના પિતા, શિલ્પાબેનના સસરા, ઈન્દુબેન પરેશભાઈ ભારદીયા(અમદાવાદ), હર્ષાબેન સંજયભાઈ છત્રાલીયા(પોરબંદર)ના ભાઈ, આયુષી, દીપ, વ્યોમ, દર્શનના દાદાનું તા.૧૧ ના રોજ અવસાન થયું છે. ટેલિફોનિક બેસણું તા.૧૩ ને ગુરુવારે, સાંજે ૪થી ૬, જૂનાગઢ છે. રાજુ મિસ્ત્રી-૮૦૦૦૦ ૫૫૮૬૬ અસુ મિસ્ત્રી-૯૫૧૦૮ ૦૮૦૮૦ ઉદય-૭૦૪૧૦ ૮૫૫૫૫

રાજકોટ: મૂળ ધંધુકા હાલ જામનગર નિવાસી વાલમ બ્રાહ્મણ ભાવિનભાઈ જનાર્દનભાઈ ભટ્ટના પત્ની મમતાબેન (ઉં. વ. ૪૭) તે ઈન્દ્રવદનભાઈ મોહનલાલ ઉપાધ્યાય (સતી માતાજી) ના પુત્રી, રાજેશભાઈ ઉપાધ્યાય (નાયબ મામલતદાર રાજકોટ), કવિતાબેન હેમાંગભાઈ જોશી, દર્શનાબેન દિલીપભાઈ ત્રિવેદી, માધવભાઈ ઉપાધ્યાય (એડવોકેટ રાજકોટના)ના બહેન તા. ૧૦ ના રોજ તેમજ ભાવિનભાઈ જનાર્દનભાઈ ભટ્ટના પુત્રી ખુશીબેન (ઉંમર વર્ષ ૧૯ તારીખ ૧૧ ના રોજ અવસાન પામ્યા છે ટેલીફોનિક બેસણું તા. ૧૩ ને ગુરુવારે સાંજે ૪થીપ છે. ભાવિનભાઈ - ૯૮૨૫૨ ૨૧૦૯૩ રાજેશભાઈ-૯૯૦૬૯૨૫૦૧૮ કવિતાબેન-૯૬૮૭૬ ૫૮૪૧૦ દર્શનાબેન-૯૮૭૯૫૪૪૧૦૦ માધવભાઈ-૯૦૩૩૩૧૬૧૨૭

રાજકોટ: મૂળ ગામ કોઠારીયા, રાજકોટ રહેવાસી ધરમશીભાઈ વેલજીભાઈ બગથરીયા (ઉ.વ.૭૬) તે મહેન્દ્રભાઈ, અરવિંદભાઈનાં પિતાનું તા.૭ ના રોજ અવસાન થયું છે. ટેલીફોનિક બેસણું તા.૧૩ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. મહેન્દ્રભાઈ મો. ૮૮૬૬૮૨૨૬૯૦, અરવિંદભાઈ મો. ૬૭૨૩૧૬૧૫૪૮

રાજકોટ: દાઉદી વ્હોરા શબ્બીરભાઈ ઈસમાઈલભાઈ ભારમલ ચિત્તલવાળા (ઉ.વ.૭૦) તે સકીનાબેન હથિયારી ચિત્તલ, નુરૂદ્દીનભાઈ સુરત, ફિરોઝભાઈ, મોહંમદભાઈ રાજકોટ, નિસરીબેન મુંબઈના ભાઈનું તા.૧૧ મંગળવારના રોજ રાજકોટ મુકામે વફાત પામેલ છે. શોક સંદેશો મો.૭૩૮૩૫૪૯૮૩૬ ઉપર પાઠવવો.

અમરેલી: ઔદિચ્ય સહસ્ત્ર ચિ.બ.સ. અમરેલીના મહાસુખભાઈ જયંતિલાલ જોષી (ઉ.વ.૭૭) તે સ્વ. જયંતિલાલ ભવાનીશંકર જોશીના પુત્ર અને કમલભાઈ, વિશાલભાઈના પિતાજી તથા સ્વ. ભુપતભાઈ (ગાંધીનગર), સ્વ. ધીરજલાલ (અમરેલી), મહેશભાઈ (અમરેલી)ના નાના ભાઈ અને ચંદ્રકાંતભાઈ (અમરેલી), હસમુખભાઈ (નડીયાદ), રજનીકાંતભાઈ (રાજકોટ)ના મોટા ભાઈ તા.૮ ના રોજ અવસાન થયેલ છે.

અમરેલી: ચીમનલાલ લીલાધર આશર (ઉ.વ.૮૮) નિવૃત નાયબ કાર્યપાલક ઈજનેર તે વસંતભાઈ (પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ)ના મોટા ભાઈ તથા રાજેન્દ્રભાઈ (એડવોકેટ)ના કાકા, નિખીલભાઈ, દિમ્મીબેન, તૃમિબેન, એનીબેનના પિતાનું તા.૧૦ ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૧૩ ને ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ સુધી રાખવામાં આવેલ છે.

નિવૃત નાયબ માહિતી નિયામક અરવિંદભાઈ જોશીના માતાનું અવસાનઃ ટેલીફોનીક બેસણું

રાજકોટ: રાજગોર બ્રાહ્મણ શાંતાબેન પીતાંબરભાઈ સાંઉ (જોશી) (ઉ.વ.૯૬) તે ઘનશ્યામભાઈ (નિવૃત શિક્ષક નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, રાજકોટ) અરવિંદભાઈ જોશી (નિવૃત નાયબ માહિતી નિયામક), નિર્મળાબેન કાંતિભાઈ મહેતા અને ભારતીબેન જનકભાઈ મહેતાના માતાનું તા.૯ ને રવિવારના રોજ રાજકોટ ખાતે અવસાન થયેલ છે. સદગતનું ટેલીફોનીક બેસણું તા.૧૩ ને ગુરૂવારના રોજ સાંજના ૪ થી ૬ રાખવામાં આવેલ છે. અરવિંદભાઈ જોશી (મો. નં. ૯૯૭૦૮૯૪૫૫૫૮), ઘનશ્યામભાઈ જોશી (મો.નં. ૬૪૦૮૯૩૮૭૦૯૪) છે. કોરોના વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ ટેલીફોનીક સંદેશો પાઠવવા વિનંતી છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ધાર્મિક વિધી પરિવાર પૂરતી મર્યાદિત રાખી છે.

કાળીપાટના અતિ ચકચારી ડબલ મર્ડર કેસના આરોપીઓની જામીન અરજી નામંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ તાલુકાના કાળીપાટ ગામે નવ વર્ષ પૂર્ણ થયેલા ચકચારી ડબલ મર્ડર કેસના ત્રણ આરોપીઓની જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધેલ છે. વધુ વિગત મુજબ શહેરની ભાગોળે કાળીપાટ ગામે ગત તા. ૧૦ ૦૭/૨૦૧૧ ના રોજ માતાજીના મઢ પાસે તાવા પ્રસાદમાં એકઠા થયેલા દરબારોએ કોળી પરિવારના કિશોરને ગાળો બોલવાની ના પાડવાના મુદે ખેલાયેલા ધિંગાણામાં વિશ્વજીતસિંહ અનિરૂદ્ધસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ જાડેજાનું મોત નિપજતા બનાવ ડબલ મર્ડરમાં પલટાયો હતો. તથા અન્ય ચાર સાહેદોને ગંભીર ઈજાઓ થતા હત્યાની કોશિષનો પણ ગુનો નોંધવામાં આવેલ.

તાલુકા પોલીસ મથકમાં સત્યજીતસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજાએ આરોપીઓ છગન રાધા દુધરેજીયા, સુરેશ રધા દુધરેજીયા, દિનેશ દેવશી દુધરેજીયા, જેન્તી પ્રેમજી દુધરેજીયા, સવજી દેવશી દુધરેજીયા, બાબુ ઉકા દુધરેજીયા, મનસુખ દેવશી દુધરેજીયા અને બે મહિલા સહિત ૧૦ શખ્સો સામે હત્યા અને હત્યાની કોશિષનો ગુનો નોંધાવેલ. જેમાં તે ગુન્હામાં આરોપીઓની ધરપકડ કરી તપાસ પુર્ણ થતા જેલ હવાલે કર્યા હતા. દરમ્યાન હાલ લાંબા સમયથી જેલ હવાલે રહેલા આરોપીઓ પૈકી છગન રઘા દુધરેજીયા, ધીરૂ રાધા દુધરેજીયા તથા સુરેશ રઘા દુધરેજીયા, એ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં બન્ને પક્ષનો હત્યા અને હત્યાની કોશિષનો ગુનો લેખિત મૌખિક દલીલો બાદ ગુજરાત હાઈકોર્ટના વકીલ તથા મુળ ફરિયાદીના વકીલએ ધારદાર દલીલ તેમજ કેસની સુનાવણી અંતિમ તબક્કામાં છે. તેથી ગુજરાત હાઈકોર્ટે આ દલીલોને ધ્યાને લઈ ત્રણેય આરોપીઓ છગન રઘા દુધરેજીયા, ધીરૂ રઘા દુધરેજીયા તથા સુરેશ રઘા દુધરેજીયાની જામીન અરજી નામંજુર કરેલ છે. આ કામમાં મુળ ફરીયાદી વતી ગુજરાત હાઈકોર્ટના વકીલ વિકીભાઈ મહેતા, રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, ભરતભાઈ સોમાણી, હુશેનભાઈ હેરંજા રોકાયેલ હતા.(૧.૬)

બગસરા નગરપાલિકા દ્વારા સેફટી કિટનું વિતરણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

બગસરા,તા.૧૨

બગસરામાં વસવાટ કરતા વિચરતી જાતિના લોકો જે કચરો વિણવાનું કામ કરે છે તેવા ૧૧ પરિવારને કચરો વીણવા માટેનું કાર્ડ મળે તે માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા બગસરા નગરપાલિકામાં રજુઆત કરી હતી. આ બાબતે બગસરા નગરપાલિકાના ચીફ ઓફિસર સાહેબ દ્વારા આ પરિવારોને કચરો વીણવા માટેના રેગ્પિકર્સ અંગેના કાર્ડ બનાવી તેનું વિતરણ કરવામાં આવ્યું. સાથે આ પરિવારોને સલામતી

માટે સેફટી કીટ પણ આપવામાં આવી હતી. જેમાં સેનેટાઇઝર, હેન્ડ વોસ, સાબુ, હાથના મોજાં, પગના બુટ, માસ્ક વગેરે વસ્તુની કિટનું વિતરણ બગસરા નગરપાલિકાના ચીફ ઓફિસર નસીત સાહેબ, તેમજ મનોજ ભાઈ, નવનિતભાઈ, પ્રતિકભાઈ, ચિંતનભાઈ, પરષોત્તમભાઈ તેમજ વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાઠી ક્ષત્રિય સમાજ ભગવાન સૂર્યનારાયણના કરશે સાડા ત્રણ દિવસનો નકોડા ઉપવાસ

કોરોનાના કારણે સમાજના લોકો ઘર પર રહીને કરશે ઉપવાસ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૧૨

છેલ્લા ઘણા વર્ષોથી કાઠી ક્ષત્રિય સમાજના લોકો ભગવાન સૂર્યનારાયણના સાડા ત્રણ દિવસના ઉપવાસ કરે છે એ પરંપરા હજુ પણ સમાજના લોકો એ જાળવી રાખી છે અને નાકોડા સાડા ત્રણ દિવસના ઉપવાસ કરે છે.હાલ કોરોનાની મહામારી ચાલી રહી હોય ત્યારે નવા સુરજદેવળ અને જુના સુરજદેવળ ક્ષત્રિય સમાજના યુવાનો વડીલો આ વખતે પોતાના ઘરે જ સાડા ત્રણ દિવસના નકોડા ઉપવાસ કરશે. તારીખ ૧૨ના આજરોજ તમામ ક્ષત્રિય સમાજના લોકો ઉપવાસ રાખશે અને ૧૫ તારીખને ગણેશ ચતુર્થીના દિવસે પારણા કરશે. હાલ કોરોનાની મહામારી અને મંદિર ખાતે ભીડ ન થાય

એ માટે તમામ ક્ષત્રિય સમાજના લોકો પોતાના ઘરે ભગવાન શ્રી સુર્યનારાયણના ઉપવાસ પોતાના ઘર જ કરશે. સાડાત્રણ દિવસનાં ઉપવાસ રાખી ભગવાન શ્રી સુર્યનારાયણ આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવશે.

રૂ.૫ કરોડના મેડીકલ સાધનોનું અનુદાન કરતા મોતીલાલ ઓસવાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

અત્યારે જ્યારે સમગ્ર વિશ્વમાં અને ભારત માં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે ત્યારે દેશના જાણીતા કોર્પોરેટ ટાયકુન મોતીલાલ ઓસવાલ દ્વારા કોરોના મહામારીમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની હોસ્પિટલો માટે રૂ.પાંચ કરોડના મેડીકલ સાધનો આપી મહત્વપૂર્ણ યોગદાન આપી અનોખી મિસાલ પુરી પાડી છે.

રાજકોટ, સુરત, અમદાવાદ, પાલનપુરની હોસ્પિટલોમાં રૂ.૭૫ લાખના સાધનોની સહાય

મોતીલાલ ઓસવાલ દ્વારા ગુજરાતમાં પણ રાજકોટ, સુરત, પાલનપુર, અમદાવાદ અને નવસારીની હોસ્પિટલોમાં અંદાજીત રૂ.૭૫ લાખની કિંમત ના ૧૦ બાઈપેપ વેન્ટિલેટર,૧૦ ઓક્સિજન કોન્સનસ્ટ્રેટર મશીનનું અનુદાન કરી કોરોનાની આ મહામારીમાં તેઓએ સેવાયજ્ઞ શરૂ કર્યો છે.

ઉદ્યોગપતિ મોતીલાલ ઓસવાલે સૌરાષ્ટ્રના રાજકોટની પંચનાથ સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોસ્પિટલમાં પણ ત્રણ બાઇપેપ વેન્ટિલેટર અને સુરતની પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટિટચૂટ એન્ડ મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં ચાર બાઇપેપ વેન્ટિલેટર અર્પણ કરી સૌરાષ્ટ્રના અને સુરતના દર્દીઓની વહારે આવ્યાં છે.

ગુજરાતનાં પ્રસિદ્ધ મોટીવેશનલ સ્પીકર સંજયભાઈ રાવલ અને ગુજરાત યુવા ભાજપના નેતા જયભાઇ શાહ હસ્તક કોર્પોરેટ ટાયકુન મોતીલાલ ઓસવાલે સમગ્ર ગુજરાતની વિવિધ હોસ્પિટલોમાં રૂ.૭૫ લાખની કિંમતના સાધનો અર્પણ કરી સેવાની જ્યોત જગમગતી કરી છે.

આ અંગે દાનવીર મોતીલાલ ઓસવાલે જણાવ્યું હતું કે અત્યારે આ વૈશ્વિક મહામારીમાં દર્દીઓ જ્યારે મૃત્યુ સામે બાથ ભીડી રહ્યા છે અને ખાસ કરીને દર્દીઓને ઓક્સીજનની જરૂરિયાત વધુ રહેતી હોવાથી મેડીકલના આ સાધનો અનુદાન કરવાનો મેં નિર્ણય કર્યો હતો.(૪.૧)

જૂનાગઢના વોર્ડ નં.૯ ના વિસ્તારોમાં ગંદકીના ગંજ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ,તા.૧૨

જ્યારે કોઈ નેતા જૂનાગઢમાં આવે ત્યારે રોડ પર કચરો સાફ કરવામાં આવે, ડીડીટીનો છંટકાવ પણ થાય, રખડતા ઢોરને પકડવામાં આવે પણ અહી રોજની સમસ્યાનો કોઈ નિકાલ કરવામાં નથી આવતો.બીજી તરફ ત્યાં રહેતા લોકો નું કહેવું છે કે જો કોઈ નેતા ના આવવાથી રોડ સાફ થતા હોય તો ક્યારેક અમારા આ એરિયા મા પણ નેતા ઓ પધરામણી કરે એવું સ્થાનિક લોકો જણાવે છે બીજી તરફ આ ગંદકી અને દુર્ગંધથી લોકો પણ ત્રાહિમામ પોકારી રહ્યાં છે અને રોગચાળો થવાનો ડર પણ છે.

નેતાઓના પાવન પગલા જરૂરી

કોરોના ની જીવલેણ મહામારી ચાલી રહી છે ત્યારે લોકોને પોતાના સ્વાસ્થ્ય ની ચિંતા રહે છે. બીજી બાજુ જૂનાગઢ મનપા વોર્ડ નંબર ૯ ના રહીશો માટે રોગને આમંત્રણ આપનાર મનપા સાબિત થાય છે. જૂનાગઢના વોર્ડ નંબર ૯ ટેલિફોન એક્સચેન્જ પાસે ગેંડા રોડ ના વિસ્તાર ના લોકો આ ગંદકી થી ત્રાહિમામ પોકારી ગયા છે. લોકોની અવાર જવરથી ૨૪ કલાક ધમ ધમતો આ વિસ્તાર કચરા અને ગંદકીનું ગઢ બની ગયું છે. મનપા તંત્ર જલ્દી આ બાબતે કોઈ સમાધાન લાવે જેથી શહેરીજનોને ગંદકી માંથી મુક્તિ મળે.

કેશોદ તાલુકામાં રાશન ધારકોને વિનામૂલ્યે અનાજ વિતરણ

તા.૨૦ સુધી અનાજનું વિતરણ કરાશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

કેશોદ,તા.૧૨

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ કેશોદ તાલુકાના એનએફએસએ રાશન ધારકોને ગઈકાલથી વ્યાજબી ભાવની દુકાનેથી વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવી રહયું છે. તા.૨૦ સુધી વિતરણ કામગીરી કરવામાં આવશે એનએફ એસએ રાશન ધારકોને વ્યકિત દિઠ સાડા ત્રણ કિલો ઘઉ વ્યકિત દિઠ દોઢ કિલો ચોખાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવી રહયુંછે જેમાં રેશનકાર્ડનો છેલ્લાં

આંકડાના એકથી દશ અંક મુજબ ગઈકાલથી તા.૨૦ ના સુધીમાં અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે ગઈકાલથી તા.૨૧ થી તા.૩૧ સુધીમાં અનાજનો જથ્થો આપવામાં આવશે.

કેશોદના સરકારી અનાજના ગોડાઉનેથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના તથા અંત્યોદય યોજના હેઠળ ઓનલાઈન પરમીટ મુજબ તથા ગોડાઉનમાંથી આપવામાં આવેલ જથ્થા મુજબ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર ધરાવતા ૫૫ સસ્તા અનાજના દુકાનદારોને પચ્યાસ પચ્યાસ કિલોના કુલ ૮૭૦૮ ઘઉના કટા તેમજ ૫૬૮૪ ચોખાના કટાનો જથ્થો કેશોદના સરકારી અનાજના ગોડાઉનેથી અનાજનો જથ્થો આપવામાં આવ્યો છે.

જ્યારે ૪૬૯૭ કટા ઘઉ તથા ૧૩૪૪ કટા ચોખાના સ્ટોક ન હોવાથી ઈસ્યુ કરવાનો બાકિ હોવાનું જાણવા મળ્યું છે.(૪.૬)

ગીર સોમનાથ જીલ્લાના છેવાડા ગામોમાં માસ્ક-સેનીટાઈઝરનું સસ્તા ભાવે વેચાણ

વાત્સલ્ય ટ્રસ્ટ-રાજકોટ અને મોબીઝોન કોડીનાર દ્વારા કરાતી પ્રવૃતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

વાત્સલ્ય ટ્રસ્ટ રાજકોટ અને મોબીઝોન મોબાઈલ કોડીનાર દ્વારા હાલ ચાલી રહેલ કોરોના મહામારીમાં ગીરસોમનાથ જીલ્લાના છેવાડાનાં ગામ સુધી લોકોને માસ્ક સેનીટાઈઝરનું છેલ્લા ૧૫ દિવસ થી રાહતદરે વિતરણ શરુ કરેલ છે ગીરસોમનાથ જીલ્લો ગુજરાતમાં છેવાડાનો જીલ્લો હોય ત્યાં લોકોને કોરોના મહામારીમાં રક્ષણ આપતા સાદા માસ્ક માસ્ક અને વિવિધ સેનેટાઇઝર મળવામાં મુશ્કેલી પડતી હોય અને મળતું હોય તેની કીમત ખુબ વધારે હોય ત્યારે વાત્સલ્ય ટ્રસ્ટ રાજકોટ અને મોબીઝોન મોબાઈલનાં સંયુક્ત ઉપક્રમે ગીરસોમનાથ, વેરાવળ, કોડીનાર સુત્રાપાડા અને ઉના વિસ્તારમાં આ સેવા શરુ કરવામાં આવેલ છે જેમાં કોરીડોર સેન્ટરોમાં ડોકટરોને તેમજ જરૂરીયાતમંદ દરેક લોકોને સાવ નજીવાભાવથી કોરોના સામે રક્ષણ આપતી વિવિધ વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

વાત્સલ્ય ટ્રસ્ટના પ્રમુખ જયદીપભાઈ કાચા ઉપપ્રમુખ કર જયશ્રીબેન વોરાનાં માર્ગદર્શન હેઠળ આ સેવા કોડીનારના સેવાભાવી યુવાન પાર્થભાઈ દાહીમાં સુધીરભાઈ દાહીમા વાત્સલ્ય ટ્રસ્ટનાં જીગ્નેશભાઈ કાચા શુભમભાઈ લાડવા રોનકભાઈ ભટ્ટી પારસભાઈ કાચા સંકલ્પભાઈ ચાવડા વિશાલભાઈ ચોટલીયા અને કૃણાલભાઈ કાચા દ્વારા અવિરતપણે આ સેવામાં કાર્ય કરવામાં આવી રહેલ છે.

'મા અમૃતમ કાર્ડ' ધારકોને

કોરોનાની સારવાર આપવા રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

સરકારએ જાહેરાત કરી હતી કે કોરોના સારવારમાં માં અમૃતમ કાર્ડ/ આયુષ્યમાન કાર્ડ હેઠળ ખર્ચમાં આવી જશે જે રાજ્યનાં લાખો દર્દીઓ માટે રાહતનાં સમાચાર નિવડયા હતા.પરંતુ દરેક હોસ્પીટલ અત્યારે આ કાર્ડ હેઠળ એડમીશન આપવામાં ખચકાટ અનુભવે છે.તેને લગતી કોઈપણ સરકારી ગાઈડ લાઈન પણ હજુ પ્રકાશીત થઈ નથી. ઓકસીજન/વેન્ટીલેટર/બેડ કોઈપણ બાબત માટે ખર્ચની વિગતો જાહેર નથી થઈ. કંઈ તારીખથી તેનું અમલીકરણ થશે ?, કેટલા રૂપીયા કવર થશે?, તેનું પેમેન્ટ કઈ રીતે થશે?, કઈ-કઈ હોસ્પીટલોને માન્યતા છે?, કેટલા દર્દિને મંજુરી છે?, કેટલા દિવસનો કેટલો ખર્ચ મંજૂર થશે?ગરીબ દર્દીઓને કાર્ડ કઢાવવાનાં બાકી હોય તો તાત્કાલીકશું કરવું ? માન્ય હોસ્પીટલો કોવીડ સેન્ટર

તરીકે અન્ય જગ્યાએ કામ કરી રહી છે તો ત્યાંની માન્યતા છે કે કેમ?, જાહેરાત થઈ તે પહેલા કોઈ દર્દી દાખલ હોય અને હજી પણ દાખલ હોય તો તેને કેટલી સહાય મળે ?, કેવી રીતે મળે ?, હોસ્પીટલો કાર્ડ ધારકોને બેડ હોવા છતાં જગ્યા ન આપે તો શું ?, જગ્યા આપે અને જરૂરી તમામ સુવિધા ન આપે તો શું ?, કાર્ડધારકોની સરળતા માટેનો હેલ્પલાઈન નંબર?, કાર્ડ ઘરદીઠ નીકળતા હોય તો દરેક વ્યકિત સંક્રમિત હોય તો કેવી રીતે સુવિધા મળે?, ગાઈડ

કોરોના બિમારીમાં કાર્ડનું અમલીકરણ કરવા સરકારને અપીલ

લાઈન કયારે બહાર પડશે ?, ગાઈડલાઈન બહાર પડી નથી અને જાહેરાત થઈ ગઈ હોઈ લાખો લોકો આશા-અપેક્ષાથી હેરાન થઈ રહ્યાં છે. કોઈ જવાબદાર ઓથોરીટી પાસે આનો જવાબ/ઉકિલ નથી.જગ્યા હોવા છતાં કાર્ડધારકો ને બેડ/સુવિધા ન આપવા બદલ શું કાર્યવાહી થઈ શકે અથવા કોને રજૂઆત કરવી?, કોઈ એ પૈસા જમા કરાવ્યા અને તે પછી જ જાહેરાત થાય તો એનો કેવી રીતે વ્યવહાર થાય ?, જેવા પ્રશ્નો અંગે ગુજરાત સરકાર તરંત સ્પષ્ટીકરણ અને અમલીકરણ કરે તેવી વિનંતી સામાજીક કાર્યકર્તા મિતલ ખેતાણીએ કરી છે.

મોટાદડવાના આજુબાજુના પંથકમાં મેઘાવી માહોલ

(અમારા પ્રતિનિધિ દ્વારા) મોટાદડવા: કમોસમી વરસાદે ફરી જોરદાર પવન સાથે મેઘાવી માહોલ સર્જ્યો....મોટાદડવા બળધોઈ વિરનગર સહીત આજુબાજુના પંથકમાં બપોરના અસહ્ય બફારા પછી જોરદાર પવન સાથે વરસાદ વરસી પડ્યો હતો.જો કે હજુ રોણ નક્ષત્ર બેસવા ને હજુ વાર છે ત્યાં મેઘાવી માહોલ સર્જાતા ખેતરમાં નીકળી ગયેલાં મકાઈ તલિ મગ જેવા વિવિધ પાક પર માઠી અસર વર્તાઈ છે.અહીં મેઘાવી માહોલ વચ્ચે મોટાદડવા નજરે પડે છે.

જસદણમાં પવન સાથે મેઘરાજાની એન્ટ્રી

વરસાદના કારણે વીજ પુરવઠો ગુલ થતા લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જસદણ,તા.૧૨

જસદણમાં મંગળવારે સાંજે ૭:૩૦ કલાકે પવનના સૂસવાટા અને ગાજવીજ સાથે છાંટણા પડતાં શહેરના કેટલાય વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ થવાથી લોકો ભારે હાલાકીમાં મુકાય ગયાં હતાં. જસદણ પંથક સહિત સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવતાં

વાતાવરણમાં છાંટા થયાં હતાં મોટા દડવા ગામે તો રીતસર પાણી વહી ગયાં હતાં. ત્યારે પવન ઓછો થયો છે અને વાતાવરણમાં ચોમાસું હોય એવાં માહોલ વચ્ચે વીજ પુરવઠો ગુલ થઈ ગયો છે લોકો વીજ પુરવઠો ચાલું થાય એ માટે ટેલિફોનિક ફરિયાદનો ધોધ વહાવ્યો છે.

ભર ઉંઘમાં રહેલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સફાળું જાગ્યું

વોર્ડ નં.૩ અને ૧૪ માં વોકળામાં સફાઈનું કામ શરૂ કરાયું





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

શહેર કોંગ્રેસ પૂર્વ પ્રવક્તા ગજેન્દ્ર સિંહ ઝાલા લોક સંસદ વિચાર મંચના

લોક સંસદ વિચાર મંચ તથા ગજુભાની સફળ રજૂઆત

ધીરુભાઈ ભરવાડની એક સંયુક્ત યાદી મહાનગરપાલિકા દ્વારા પ્રિમોન્સુનની કામગીરી અંતર્ગત વોકળા સફાઈ અભિયાનમાં ૧૧૫૪ ટન કચરો ૧૦૧ ડમ્પર અને ૧૪૪ ટ્રેક્ટરના ફેરાના દાવાની પોલ ખોલી આ અંગે કમિશનર પાસે લેખિત ફરિયાદ કરી કૌભાંડની તપાસની માંગ ઉઠાવી છે. વોર્ડ નંબર ૩ અને વોર્ડ નંબર ૧૪ વોકળાઓ બેસુમાર ગંદકીથી ખદબદતા હોય અને મહિનાઓથી કચરો ઉપાડ્યો ન હોવાથી ૧૧૫૪ ટન કચરાનો દાવો ખોખલો અને વોકળા સફાઈમાં ડિંડક ચાલતું હોય જે અંગે કુંભકર્ણ નિંદ્રામાં પોઢેલા મહાનગરપાલિકાના સોલિડવેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કમિશનરને વોકળાની બેસુમાર ગંદકીના ફોટા સાથે આવેદનપત્ર સુપરત કરતા આ ગંદકીઓ જોઈને મ્યુ.કમિશનર ચોકી ઉઠયા હતા. ભર ઊંઘમાં રહેલા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગને જાગવાની ફરજ પડી હતી અને તંત્ર એકશનમાં (હરકત)માં આવ્યું હતું. તાબડતોબ આ અંગે વોર્ડ નંબર ૧૪ના નટેશ્વર મહાદેવ મંદિર, એસી ફુટ રોડ, સામે વાણીયાવાડી, કોઠારીયા કોલોની અને સ્ટુડિયો રૂપાલીની સામે ભક્તિનગર સોસાયટી તેમજ વોર્ડ ૩ માં ભિસ્તીવાડ વિસ્તારમાં પુલીયા હનુમાન મંદિર પાસે યુદ્ધના ધોરણે વોકળા સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.(૧.૨)

સાયલામાં અધુરા માસે જન્મેલા શિશુનું મોતઃ માતા ગંભીર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સાયલાનાં સીરવાણીયા ગામે રહેતી ભારતીબેન મહીયતભાઈ શેખને ત્રણ દિવસ પૂર્વે અધૂરા માસે જ બાળકનો જન્મ થઈ જતા તાકિદે માતા-પુત્રને બોટાદની શિવમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં નવજાત શિશુ બાબો શેખની તબિયત લથડતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરનાં તબીબે શિશુને મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

જ્યારે પુત્રનાં મોતના સમાચાર સાંભળી માતા ભારતીબેનની પણ તબીયત લથડતા ફરી શિવમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.ભારતીબેનને ચાર વર્ષ પૂર્વે લગ્ન થયા હતા અને સંતાનમાં બે પુત્રી બાદ એક પુત્રનો જન્મ થયો હતો. જો કે કોળી પરિવારમાં ખુશીનો પ્રસંગ શોકમાં ફેરવાઈ ગયો છે. બનાવ અંગે સાયલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દામનગર પોલીસની માનવતાથી અબોલ પશુઓને છાંયડો મળ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

દામનગર,તા.૧૨

દામનગર શહેર પોલીસની માનવતા અબોલ જીવોની રીબામણી ધોમ ધખતા બળબળતા તાપમાં અબોલ જીવોને ભૂખ્યા તરસ્યા નિરણ પાણી વગર દિવસો સુધી બાંધી રાખતા બળદોના વેપાર કરતા સાથે ઈસમો સામે જીવદયા પ્રેમીઓમાં નારાજગીથી સ્થાનિક અગ્રણીઓએ પીએસઆઈનું

ખુલ્લા પટ્ટમાં બળદોને બાંધ્યા હતા

ધ્યાન દોરી અબોલ પશુ રીબામણી બંધ કરી બળદોને છાંયડા માં બાંધવા જરૂરી નિરણ પાણી કરાવવા ધ્યાન દોરતા સ્થાનિક પીએસઆઈ પોલીસ સ્ટાફ દ્વારા ત્વરિત નદીના ખુલ્લા પટમાં દિવસો સુધી ભૂખ્યા તરસ્યા બળબળતા તાપમાં અસંખ્ય બળદોને બાંધી રીતસરની રીબામણી કરતા ઈસમો વિરુદ્ધ સ્થાનિક પોલીસે લાલ આંખ કરતા બળદોના વેપાર કરતા ઈસમોએ બળદોને પોલીસની માનવતાએ છાંયડો અપાવ્યો હતો બળદોના વેપાર કરતા ઈસમો દ્વારા શહેરમાં પ્રવેશતાજ નદીના ખુલ્લા પટમાં બાંધી નિરણ પાણી વગર ધોમધખતા તાપ માં રીતસરની રીબામણી થતી હતી તેથી અનેક જીવદયા પ્રેમીઓમાં નારાજગી હતી આ અંગે સ્થાનિક પોલીસનું ધ્યાન દોરતા પોલીસે ત્વરિત સ્થળ તપાસ કરતા રીબામણી થતી હોવાથી તુરંત બળદોને છાંયડો મળ્યો હતો.

કેશોદમાં સાત વર્ષની બાળકીએ હરણી રોજુ રાખ્યું

સીડા પરિવારે માનવ જાતના કલ્યાણ માટે દુઆ કરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

કેશોદ,તા.૧૨

મૂસ્લીમોનો ઈબાદત બંદગીનો મહીનો રમજાન પુર્ણતાના આરે હોય ૨૭મૂ હરણીયૂ રોજૂ કહેવાય છેકે પ્રાણિઓ પણ પોતાના બચ્ચાઓને દૂધ નથી પાતા અને રોજૂ રાખીને ઈશ્વર અલ્લાહની બંદગી કરે છે.

કેશોદ શહેરનાં મૂકિતરથના સારથી મૂસ્લિમ આધેડ મૂસાભાઈ સીડાનો પરિવાર પૂરા માસના રોજા રાખીને ખુદાની બંદગી કરેછે તેમાં પણ આજનું મોટું રોજૂ મૂસાભાઈની સાત વર્ષની દોહિત્રિ રિફતબાનુએ રોજુ પૂર્ણ કરેલ.

આમ સીડા પરિવારે આવી પડેલ કોરોના મહામારી નાબુદ થાય અને સમગ્ર માનવજાત ફરી પાછુ ચૈનની જીંદગી ખૂશહાલમય રીતે પસાર કરી શકે તેવી દૂઆઓ પ્રાર્થના સાથે કરેલ છે.

નિર્દોષ, લાચાર, વિવષ લોકોની દૂઆઓ પ્રાર્થનાઓની અસરથીજ કોરોનાના કેસો ચોક્કસપણે ઘટીરહ્યા છે તે એક નિર્વિવાદ હકીકત છે જ સીડા પરિવારે ઈશ્વર -અલ્લાહ માનવજાતનુ કલ્યાણ કરે એવી દુઆ અને પ્રાર્થના કરી હતી.

જસદણમાં આઈસરની ઠોકરે બાઈક ચડી જતા યુવકનું મોત

મંડળીએ દૂધ દઈને ઘરે પરત જતો હતોઃ પરિવારમાં અરેરાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

જસદણનાં બળધોઈ ગામે આઈસરની ઠોકરે બાઈક ચડી જતા કોળી યુવકનું મોત નીપજ્યું હતું. જસદણ પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જસદણનાં બળધોઈ ગામે રહેતા ખેતીકામ કરતા જયેશ ભરતભાઈ સાકરીયા (ઉ.વ.૧૯) એ સાંજે દૂધનું કેન ભરી મંડળીમાં દૂધ જમા કરાવવા ગયા હતા. જ્યાંથી બાઈક લઈ ઘરે પરત ફરતી વેળાએ હનુમાન મંદિરની ગોળાઈમાં પૂરપાટ ઝડપે આવતા આઈસરે બાઈકને ઠોકર લઈ નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત કોળી યુવકને પ્રથમ આટકોટ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબિબે ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યાનું જાહેર કરતા કોળી પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. જસદણ પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મૃતક બે ભાઈ- એક બહેનમાં સૌથી નાનો હતો અને પશુ પાલનનો વ્યવસાય કરી ઘરનું ગુજરાન ચાલવવામાં આર્થિક મદદ કરતો હતો.

જસદણમાં યુવક પર પાંચ શખ્સોનો હુમલો

રાજકોટ, તા.૧૨

જસદણનાં આલમજી શહેરમાં રહેતા રોનક જગદીશ દેસાણી (ઉ.વ.૨૩) ને શેરીમાં નીકળવા મુદે વિવેક પટેલ, મેહુલ, તુલસી પટેલ સહિત પાંચ અજાણ્યા શખ્સોએ લાકડી-પાઈપ વડે મારમાર્યો હતો. ઘવાયેલા યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ અંગે જસદણ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જેતપુરમાં સાડીના કારખાનામાંથી રૂ.૧ લાખના કાપડની ચોરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૧૨: જેતપુરના બોરડી સમઢીયાળા ગામે રહેતા અને જેતપુરમાં આવેલા ખીરસરા રોડ પર સોલમ પ્રિન્ટ નામે સાડીનું કારખાનું ચલાવતા જગદીશભાઈ રવજીભાઈ ભુંટાણી નામના વેપારીએ જેતપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમોએ તેના બંધ કારખાનાના સટરનાં તાળા તોડી અંદર પ્રવેશ કરી કારખાનામાં રાખેલી સાડીઓ ના કાપડ નંગ ૭૫૦ કિંમત રૂ.૧૦૫૦૩૭ ના મુદ્દામાલની ચોરી કરી જતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

વિશ્વ નર્સ દિવસે નર્સિંગ સ્ટાફે પડતર પ્રશ્નોને લઈ કાળી પટ્ટી બાંધી વિરોધ કર્યો

રાજકોટમાં પોતાની માંગણીઓને લઈને નર્સોએ કાળી પટ્ટી બાંધી વિરોધ કર્યો,રડતાં રડતાં કહ્યું–અમારી લાગણીનું શું !,બધા અમને જ ટોર્ચર કર્યા કરે છે

માસિક પગાર ૩૫૦૦૦ ચૂકવાય અને છેલ્લા ૧ વર્ષથી ન મળેલી રજાઓનું વળતર ચૂકવવામાં આવે,જો માંગણીઓ નહીં સંતોષાય તો ૧ દિવસની પ્રતિક હડતાલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૧૨

રાજકોટમાં વિશ્વ નર્સ દિવસે શહેરભરની નર્સે કાળી પટ્ટી બાંધીને પોતાની માંગ સાથે વિરોધ દર્શાવી રહ્યા છે. જેમાં રડતાં રડતાં નર્સે કહ્યું હતું કે- અમારી લાગણીનું શું !, બધા અમને જ ટોર્ચર કર્યા કરે છે. આ આંદોલનમાં જો તેમને તાત્કાલિક ન્યાય નહી મળે અને તેમની માંગ સંતોષવામાં નહીં આવે તો સ્ટાફ હળતાલ પર ઉતરશે અને એક દિવસની પ્રતીક હડતાળ પર જશે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી.

નર્સોની માગણીઓ છે કે, તેમને ગ્રેડ પે રૂ.૪૨૦૦ અને ખાસ ભથ્થાઓ રૂ.૯૬૦૦ પ્રતિ માસ ચૂકવાય. સાથે જ આઉટ સોર્સિંગથી ભરતી બંધ કરીને રૂ.૩૫૦૦૦ માસિક પગાર ચૂકવાય. નર્સિંગ સ્ટુડન્ટ્સમાં ડીપ્લોમા દરમિયાન રૂ. ૧૫૦૦૦ પ્રતિ માસ સ્ટાઈપેન્ડ અપાય અને ડિગ્રી અભ્યાસમાં (બેઝિક ઇજઈ) ફાઈનલ વર્ષમાં ઈન્ટર્નશીપ દરમિયાન રૂ. ૧૮૦૦૦ પ્રતિ માસ ચૂકવાય. નર્સોને બે ઉચ્ચતર પગાર ધોરણને બદલે શિક્ષકોની જેમ ૧૦-૨૦-૩૦ વર્ષે ત્રણ ઉચ્ચતર પગાર અપાય.

રાજ્યમાં નર્સીસની ખાલી પડે લી લગભગ ૪૦૦૦ જગ્યા તાત્કાલિક ધોરણે ભરીને હાલની અછત દૂર કરાય. નર્સોને છેલ્લા એક વર્ષથી આજદીન સુધી ન મળેલી રજાઓનું વળતર અપાય અથવા જમા કરવાનો હુકમ થાય. ફિક્સ પગારમાં ફરજો બજાવતા નર્સીસને પણ આ તમામ ભથ્થા સમાન દરે ચૂકવાય.

નર્સો દ્વારા આજથી૧૭મી મે સુધી આ ડ્રઙી કીટ પર હાથમાં કાળી પટ્ટી બાંધીને ધરણાં યોજી પોતાનો વિરોધ વ્યક્ત કરશે. આ દરમિયાન તેઓ દર્દીઓની સેવા ચાલુ રાખશે. જો સરકાર દ્વારા આ દરમિયાન કોઈ કાર્યવાહી નહીં કરાય તો ૧૮મી મેના રોજથી તેમણે એક દિવસની પ્રતિક હડતાલ પર જવાની ચીમકી ઉચ્ચારી છે. જેમાં રાજ્યના દરેક જિલ્લા ખાતેની તમામ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોમાં ફરજો બજાવતા નર્સીસ તેમાં જોડાઈને સામુહિક વિરોધ દાખવશે.

મીની લોકડાઉનના કારણે આર્થિક સંકડામણમાં મુકાયેલા આધેડનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા ૧૨

કામ ધધો બંધ રહેતા વ્યાજે લીધેલા રૂ. ૪ લાખના હપ્તા ચડી જતા પગલું ભરી લીધાનું પરિવારનું રટણ

મીની લોકડાઉનમાં મોચીકામ ધધો બંધ રહેતા આર્થિક સંકડામણમાં મુકાયેલા લાભદીપ સોસાયટીના દિનેશ ચૌહાણનો એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલમાં સારવાર હેઠળ ખસેડાયો હતો. યુનિવર્સિટી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રામાપીર ચોકડી પાસે લાભદીપ સોસાયટીમાં રહેતા મોચીકામ કરતા દિનેશ વિરજી ચૌહાણે (ઉ.વ ૪૮) એ મીની લોકડાઉનમાં કામ ધધો બંધ રહેતા રૂ. ૪ લાખનું વ્યાજ ચડી જતા આજે સવારે એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.યુનિવર્સિટી પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રજીસ્ટ્રેશનની પ્રક્રીયા અંગે માર્ગદર્શિકા જાહેર કરતી મનપા

શહેરમાં ૧૮થી ૪૪ વર્ષના લોકો માટે વેક્સિનેશન પુરજોશમાં

વ્યક્તિને બે SMS મળશેઃ બીજા SMS માં વેકિસનેશન માટે સ્થળ અને સમયની જાણકારી આપવામાં આવે ત્યારબાદ વેક્સીન લેવાની રહેશે

રજીસ્ટ્રેશન માટેની પ્રકીયા ૧૮ થી ૪૪વર્ષના લોકો માટે

સ્ટેપ - ૧

કોવીડ પોર્ટલમાં રજીસ્ટ્રેશન

રજીસ્ટ્રેશન પુર્ણ થયા બાદ મોબાઈલમાં એક SMSઆવશે. આ SMSમાત્ર રજીસ્ટ્રેશનનો છે.

સ્ટેપ - ૨

રજીસ્ટ્રેશનનો મેસેજ આવ્યા બાદ ઓનલાઈન સેશન સાઈટ તથા ટાઈમ સ્લોટ માટે નોંધણી કરાવવી..

નોંધણી કરાવવા માટે રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે સેશન સાઈટ ઓપન કરવામાં આવે છે.

નોંધણી પુર્ણ થયા બાદ બીજો SMS આવશે. જેમાં આપને વેક્સીનેશન માટેનું સ્થળ અને સમય દર્શાવેલ હોય છે.

આ બીજો SMS મળ્યા બાદ આપ રજીસ્ટ્રેશન કરેલ સેશન સાઈટ ખાતેથી વેક્સીન લઈ શકો છો.

રાજકોટ.તા.૧૨

મહાનગરપાલિકા દ્વારા કોરોનાની રસીનો પ્રથમ ડોઝ લઈ ચુકેલા લોકો માટે બીજો ડોઝ ક્યારે લેવાનો થશે તેની જાણકારી આપવામાં આવી છે જેમાં હ્યકોવીશીલ્ડ વેક્સીનેશનનો બીજો ડોઝ ૪૨ દિવસ પછી જ લેવાનો છે જયારે કોવેક્સ વેક્સીનનો બીજો ડોઝ ૨૮ દિવસ પછી લેવાનો છે.

આ ઉપરાંત ઉંમર ૧૮ થી ૪૪ વર્ષના લોકોએ વેક્સીનનો પ્રથમ ડોઝ મેળવવા માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અંગે પણ માહિતી આપવામાં આવી છે જેમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનાર વ્યક્તિને મોબાઈલમાં બે SMS

આવશે. જે પૈકી પ્રથમ જખજ રજીસ્ટ્રેશનનો હોય છે અને બીજા જખજ માં વેક્સીનેશન માટેના સ્થળ અને સમય દર્શાવેલ હોય છે. આ બીજો જખજ આવ્યા પછી જ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થાય છે. આ પછી નિયત થયેલા સમયે જ વેક્સીન લેવા માટે જવાનું રહેશે.

ઈલેક્ટ્રિક બસમાં મુસાફરી કરતા મ્યુનિ. કમિશનર

બસના ટ્રાયલ રન અને અન્ય પ્રક્રિયા માટે આગળ ધપાવવા સુચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રદુષણ ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે સૌ પ્રથમ વખત જાહેર પરિવહન સેવામાં એટલે કે, BRTS તથા સિટી બસ સેવામાં ૫૦ મીની કુલિંગ એ.સી. ઇલેકટ્રીક બસ ગ્રોસકોસ્ટ મોડલ થી PMI ઇલેકટ્રોક મોબિલીટી સોલ્યુસન પ્રા.લિ. દિલ્હી પાસેથી ખરીદવાનું મંજુર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ટ્રાયલ માટે એક ઈલેક્ટ્રીક બસનું શહેરમાં આગમન થયેલ છે. આજે મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલે આ ઈલેક્ટ્રીક બસમાં મુસાફરી કરી હતી અને બસના વિવિધ ફીચર્સ વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી તેમજ બસની ટ્રાયલ રન તેમજ અન્ય પ્રક્રિયા માટે આગળ ધપવા સુચના આપી હતી. ઇલેક્ટ્રિક બસની આ વિઝિટ દરમ્યાન મ્યુનિ. કમિશનર સાથે નાયબ મ્યુનિ. કમિશનર ચેતન નંદાણી, RRLના જનરલ મેનેજર જયેશ કુકડિયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીગ્રામમાં ગાંજા સાથે ઝડપાયેલા શખ્સને રીમાન્ડ પર લેવા તજવીજ

એસ.ઓ.જી ની ટીમે ૧૨૩ ગ્રામ ગાંજો કબજે કર્યોઃ માટલા બનાવતા કુંભાર શખ્સે ગાંજો પોતે બંધાણી હોવાથી રાખતો હોવાની કેફીયત

રાજકોટ, તા.૧૨

ગાંધીગ્રામમાં આવેલા નાણાવટી ચોક પાસેથી ગાંજાના જથ્થા સાથે એસ.ઓ.જી ની ટીમે કુંભાર શખ્સને દબોચી લઇ રૂ.૧૨૦૦ ની કિંમતનો ૧૨૩ ગ્રામ ગાંજો કબજે કરી શખ્સને રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ એસ.ઓ.જી ના પી.આઈ આર.વાય.રાવલની સુચનાથી એ.એસ.આઈ રવિભાઈ વાંક, હેડ કોન્સ્ટેબલ કિશનભાઈ, ડી.જી.ઝાલા, મોહિતસિંહ, કિશોરભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે ગાંધીગ્રામમાં આવેલા નાણાવટી ચોકથી આગળ મોમાઈ હોટલ તરફના રસ્તે જતા વલ્લભ જેઠાભાઈ ધુંધકીયા (ઉ.વ.૫૦) નામના કુંભાર શખ્સને દબોચી લઇ તેની તલાસી લેતા તેના ખિસ્સા માંથી રૂ.૧૨૩૦ની કિંમતનો ગાંજાનો જથ્થો ૧૨૩ ગ્રામ માળી આવતા પોલીસે રૂ.૧૪૩૦ નો મુદ્દામાલ કબજે કરી શખ્સની ધરપકડ કરી હતી. પૂછપરછ કરતા વલ્લભ ધુંધકીયા પોતે ગાંજાનો બંધાણી હોવાથી તે ગાંજો લાવ્યો હોવાની કેફીયત આવતા પોલીસે રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

દાઉદી વ્હોરા સમાજ દ્વારા ઈદ ઉલ ફીતરની નમાજ ઘરે-ઘરે પઢવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

દાઉદી વ્હોરા સમાજ દ્વારા પવિત્ર રમજાન માસના ૩૦ રોજા પૂર્ણ કરી ઈદ ઉલ ફીતરની નમાજ ઘરે-ઘરે પઢવામાં આવી અને કોરોનાની નાબુદી માટે દુઆ માંગવામાં આવી હતી. એક-બીજાને ઈદની મુબારક બાદી પાઠવી હતી. ખાસ નમાઝ પઢીને કોરોનાની મહામારી નાબુદ થાય તે માટે તેમજ જે લોકો બિમાર છે. તેને જલ્દીથી શિફા થાય તે માટે દાઉદી વ્હોરા સમાજનાં લોકોએ દુઆઓ કરી

સોશિયલ મિડીયાથી મુબારક બાદીનાં મેસેજ મોકલાવેલઃ શેખ યુસુફભાઈ

હતી. સોશિયલ મીડિયા દ્વારા મુબારક બાદીનાં મેસેજ મોકલેલ તેમ યુસુફભાઈ જોહર કાર્ડ સવાળાએ જણાવ્યું હતું.(૧.૩)

ઈન સર્વિસ તબીબોની માંગણીઓ અંગે કલેકટરને આવેદન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૧૨

ગુજરાતના ઈન સર્વિસ તબીબોનું આંદોલન ચાલી રહ્યું છે જેમની સમસ્યાઓની રજુઆત કરતું આવેદનપત્ર ભરૂચ જિલ્લા કલેકટરને પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણમાં ફરજ બજાવતા ઇન - સર્વીસ તબીબોના પ્રશ્નો અને માગણીઓની રજુઆત કરેલ છે. વર્ષ ૨૦૧૩ થી ઇન - સર્વીસ તબીબોના પ્રશ્નો અને માંગણીઓની રજુઆતો સરકાર કક્ષાએ કરે છે. જેના ફળસ્વરૂપે વિભાગમાં ચર્ચા બેઠકો પણ યોજાયેલ અને ત્યારબાદ વર્ષ ૨૦૧૭ માં રજુઆતો અને આંદોલન કરીને સરકારનું ધ્યાન દોરવામાં આવેલ અને સમાધાનના ભાગરુપે ચર્ચા બેઠકો થયેલ અને ખાત્રીઓ આપવામાં આવી પરંતુ તે દિવસને આજની ઘડી સુધી ઇન-સર્વીસ તબીબોના પ્રશ્નો અને માંગણીઓનો ઉકેલ આવેલ નથી . ઇન-સર્વીસ તબીબોના પ્રશ્નો અને માગણીઓમાં, ઇન-સર્વીસ તબીબોને કેંદ્રના સાતમા પગાર પંચ મુજબ ૧.૧.૨૦૧૬ થી એન. પી.એ. આપવું અને એન. પી.એ. ને પગાર જ ગણવાનો છે છતાય ભુતકાળ અન્યાય કરેલ છે એટલે ફરીથી માંગણી છે કે એ.પી.એ ને પગાર ગણી તમામ લાભો એન.પી.એ. પર આપવા . અનેકેંદ્રના ધોરણે તબીબી અધિકારીશ્રીઓને છઠા પગાર પંચમાં અને સાતમાં પગાર પંચ મુજબ આપવું. તેમજ વર્ગ -૧ આરોગ્ય અધિકારીઓ, specialist ci - I ના સેવા સલંગના આદેશો કરવા. અને . તબીબી અધિકારીઓના સેવા સલંગના આદેશો ત્વરીત કરવા. તેમજ તબીબી અધિકારીશ્રીઓને અનુસ્નાતક અભ્યાસ માટે ૨૫ % બેઠકો અનામત રાખવી . અને . કમિશ્નરની કચેરી ખાતે મહત્વની કહી શકાય તેવી તમામ જગ્યાઓ ચાર્જે માં ચાલે છે.

અધિક નિયામક, સયુંક્ત નિયામક અને અન્ય જગ્યાઓ હાલ ચાર્જ માં છે. આ પરીસ્થિતી પ્રથમ કોરોના મહામારીથી તે બીજા કોરોના મહામારીમાં પણ ચાલુ છે. તેમજ પાત્રતા ધરાવતા ઇન-સર્વીસ તબીબોને ખાલી જગ્યાઓ પર બઢતી સમયસર આપવી. પડતર દરખાસ્તોમાં નિર્ણય કરી બઢતી આપો. વગેરે અને બીનજરૂરી કાઢેલ વાંધાઓ દુર કરી ટીકલ કમીશનના લાભો આપવા. તેવી વિગત આવેદનપત્રમાં જણાવાઈ છે.(૪.૩)

અંકલેશ્વરમાં મશંકારપદ ગૌમાંસના જથ્થા સાથે બે ઝડપાયા

શહેર પોલીસે વાન સહીત રૂપિયા ૪૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૧૨

અંકલેશ્વર ઉમરવાડા રોડ ઉપરથી શહેર પોલીસે માંસ્તીવાનથી ૧૦૦ કિલો ગૌમાંસના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડી કુલ રૂપિયા ૪૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર શહેર પોલીસને ગૌમાંસ અંગે મળેલી બાતમીના આધારે અંકલેશ્વર ઉમરવાડા રોડ ઉપર એન.સી.ટી.એલ કંપની નજીક

વોચ ગોઠવી હતી દરમ્યાન માસ્તીવાન આવતા તેને રોકી તલાસી લેતા અંદાજે ૧૦૦ કિલો જેટલો ગૌ માસનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે માસ્તીવાનમાં સવાર અંકલેશ્વરના મુલ્લાવાડ કસાઇવાડમાં રહેતા મોહમ્મદ અકરમ શબ્બીર કુરેશી અને મહમદ મુખ્તિયાર ઇબ્રાહિમ કુરેશીની અટકાયત કરી ૧૭ હજારનો ગૌમાંસ નો ૧૦૦ કિલો જથ્થો અને માસ્તીવાન મળી કુલ ૪૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૪.૨)

બાંગ્લાદેશી સગીરાઓ પાસે દેહવિક્રય કરાવનાર ઝડપાયો

સુરત.તા.૧૨

બાંગ્લાદેશમાંથી સગીરાઓને રોજગારી અપાવવાની લાલચે ભારત લાવી વૈશ્યાવૃતિમાં ધકેલનાર સૂત્રધારને એસઓજીએ લિંબાયતમાંથી ઝડપી પાડયો છે. એસઓજીએ જણાવ્યું કે, મૂળ પ.બંગાળનો અને હાલ લિંબાયતના ખાનપુરામાં રહેતો આરોપી કરીમુલ્લા ઉર્ફે રાજા યહુદઅલી મુલ્લા બાંગ્લાદેશમાંથી સગીરાઓને રોજગારી અપાવવાની વાત કરી ભારતમાં લાવી દેહવિક્રયનો ધંધો કરાવતો હતો. બાંગ્લાદેશમાંથી ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરાવી સગીરાઓને ભારતમાં ઘુસાડતો હતો.

૪ વર્ષ પહેલા બાંગ્લાદેશથી સગીર યુવતીને પહેલા મુંબઈ અને ત્યારબાદ રાજસ્થાનના કોટામાં દેહવિક્રયના ધંધામાં ધકેલી દીધી હતી. રાજકોટમાં સગીરા ભાગીને પોલીસ સ્ટેશને પહોંચી જતા આખો મામલો સામે આવ્યો હતો. તે વખતથી આરોપી રાજસ્થાન પોલીસના ગુનામાં નાસતો ફરતો હતો. ત્યાર પછી આરોપી વડોદરા, નવસારી અને છેલ્લે સુરતમાં રહેતો હતો. નવસારી ટાઉન પોલીસમાં પણ આરોપી સામે ટ્રાફિક ઈમોરલનો ગુનો નોંધાયો હતો.

બાંગ્લાદેશી યુવતીને દેહવેપારમાં ધકે લવાના કે સમાં આરોપી મીજાનુર શરીફઉલ્લાની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. મહિધરપુરા પોલીસમાં આરોપી અજમીરાખાતુન અને મુર્તુઝા શેખ સહિત ત્રણ સામે ગુનો નોંધાયો હતો.

અંકલેશ્વરમાં ઈદ પૂર્વે ખરીદી તેમજ અન્ય ઉજવણીમાં કોરોનાનું ગ્રહણ

બજારો બંધ રહેતા મુસ્લિમ બિરાદરોમાં નિરાશાનો માહોલ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અંકલેશ્વર,તા.૧૨

ઇસ્લામ ધર્મના સૌથી પવિત્ર એવા રમજાન માસ બાદ હવે રમજાન ઈદ આવી રહી છે ત્યારે સતત બીજા વર્ષે પણ આ તહેવારની ઉજવણીમાં ભારે નિરાશા જોવા મળી રહી છે.

કોરોનાવાયરસના કહેર વચ્ચે હવે સતત બે વર્ષથી તમામ ધર્મના તહેવારો પર રોક લાગી છે. ખાસ કરીને ઇસ્લામ ધર્મના સૌથી પવિત્ર રમજાન માસ તેમજ રમજાન ઇદની ઉજવણીમાં પણ આ વર્ષે ફરી એક વાર કોરોનાનું ગ્રહણ લાગ્યું

છે. એક તરફ આંશિક લોકડાઉનના પગલે કપડાં થી લઈ તમામ દુકાનો બંધ છે ત્યારે મુસ્લિમ બિરાદરો પોતાના સૌથી મોટા ઇદના તહેવાર બાબતે પણ થોડા નિરાશા અનુભવી રહ્યા છે.

સ્વાભાવિક રીતે ઇસ્લામ ધર્મના સૌથી મોટા પર્વની ઉજવણી માટે મુસ્લિમ બિરાદરો અત્યંત ઉત્સાહિત હોય છે પણ આ વખતની પરિસ્થિતિ પણ ગત વર્ષ જેવી જ છે જેને લઇને અંકલેશ્વરના બજારોમાં પણ મંદીનો માહોલ જોવા મળ્યો છે જેને લઇને રમજાન ઈદની ઉજવણી અત્યંત ફીક્કી ભાસી રહી છે.(૪.૪)

ભાજપના કોર્પોરેટરો દ્વારા કોવિડમાં ૫ લાખની ગ્રાન્ટની ફાળવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૧૨

મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા એક સયુંક્ત યાદીમાં જણાવે છે કે, હાલમાં કોરોનાની બીજી લહેરમાં કોરોનાના કેસો ખુબ જ વધવા પામેલ છે. આ કોરોનાની મહામારીમાં શાસક

તમામ કોર્પોરેટરોની કુલ મળીને ૩.૪૦ કરોડની ગ્રાન્ટ ફાળવાશે

પક્ષના કોર્પોરેટરોએ મદદરૂપ થવાના અનુસંધાને ભારતીય જનતા પાર્ટીના નિર્ણયને પગલે રાજકોટ મહાનગર પાલિકાના શાસક પક્ષ ભાજપ કોર્પોરેટરોને સને ૨૦૨૧-૨૨માં વિકાસ કામો માટે મળવાપાત્ર ગ્રાન્ટમાંથી રૂ.૫ લાખ કોવીડ અંતર્ગત ફાળવવાનો નિર્ણય કરે છે. શાસક પક્ષના ૬૮ કોર્પોરેટરની રૂ.૫ લાખ ગ્રાંટ મુજબ રૂ.૩.૪૦ કરોડ ફાળવવામાં આવશે. કોર્પોરેટરની આ ગ્રાંટમાંથી કોર્પોરેશનની એમ્બ્યુલન્સમાં ઓક્સિજન કીટ ઇન્સ્ટોલમેન્ટ કરવું તેમજ આરોગ્ય કેન્દ્રમાં જુદા જુદા ટેસ્ટ જેમ કે, ડી-ડાઈમર, સી.આર.પી., સેલ કાઉન્ટ, એલ.ડી.એફ, ફેરીટીન, વિગેરે ટેસ્ટિંગ માટેના મશીન મુકવા ઉપરાંત કોવીડ રિલેટેડ દવા ખરીદવા જણાવવામાં આવેલ છે.

Dt.12-05-2021 8
બુધવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

તબીબો, નર્સીંગ સ્ટાફને હડતાલ પાછી ખેંચવા મુખ્યમંત્રી રૂપાણીની અપીલ



આરોગ્ય સ્ટાફની મદદથી જ કોરોના સામેની લડાઇ લડી રહ્યા છીએ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૨

વેતન સહિતના મુદ્દા પર અચાનક હડતાલ પર ઉતરી ગયેલા રાજ્યના તબીબો અને નર્સીંગ સ્ટાફને હડતાલ પાછી ખેંચવા આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ લાગણી સભર અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ હડતાલના મુદ્દા પર જણાવ્યું હતું કે, આરોગ્ય સ્ટાફને કારણે જ કોરોના સામેની લડાઇ લડી રહ્યા છીએ. સરકાર હંમેશા કોઇ પણ નાના મોટા પ્રશ્નો પ્રત્યે હકારાત્મક રહી હછે. ચર્ચાના ટેબલ પર કોઇ પણ પ્રશ્નનું નિરાકરણ લાવી શકાય છે. મુખ્યમંત્રીએ તબીબો અને નર્સોને વાટાઘાતોના મેજ પર આવવાનું ઇજન પાઠવ્યું હતું.

રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ હડતાલ પાછી ખેંચવા અપીલ કરી હતી.

રાજકોટમાં દવા-ઇન્જેકશનો અંગે સરકારી દાવાઓમાં અનેક છીંડાં

કલેકટર: મ્યુકરમાઇકોસિસના ઇન્જેકશનની અછત નથી

કોંગ્રેસ : શહેરના મેડિકલ સ્ટોરમાં ઇન્જેકશન મળતા નથી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ મહાનગરમાં કોરોનાની મહામારીથી હજુ લોકો અને આરોગ્ય તંત્રનો પીછો છૂટ્યો નથી ત્યાં દાયુ ફાડીને ઉભી થયેલી મ્યુકરમાઇકોસિસ નામની બીમારીએ કોરોનાના દર્દીઓ માટે પડીયા પર પાટુ જેવો તાલ સર્જી દીધો છે. એટલું જ નહીં કોરોના સામેના જંગમાં પહેલેથી જ સાધનોની તંગી અને દવાઓની અછતનો સામનો કરી રહેલા આરોગ્ય તંત્ર પાસે મ્યુકરમાઇકોસિસના ઇન્જેકશન અને દવાઓની પણ ગંભીર અછત ઉભી થઇ હોવાની દર્દીઓના પરીવારજનોમાંથી સેંકડો ફરીયાદ ઉઠી રહે છે. પરંતુ તંત્ર એક જ રેકર્ડ વગાડયા કરે છે કે, દવા કે ઇન્જેકશનની કોઇ અછત નથી. વાસ્તવની પરિસ્થિતિનો અભ્યાસ કરી એ અને લોકોના તથા મહત્વના રાજકીયપક્ષના દાવાની ચકાસણી કરીએ તો પહેલી નજરે એવું દેખાઇ આવે છે કે, કલેકટર તંત્ર દ્વારા કોઇ અછત નહીં હોવાનો જે દાવો કરવામાં આવી રહયો છે તેમાં સચ્ચાઇની માત્રા બહુ ઓછી દેખાય છે. વાસ્તવીક પરિસ્થિતિ પર ઠાંક પીછોડો કરવાનો એક પધ્ધતી સરનો પ્રયાસ થઇ રહયો એવું પ્રથમ નજરે દેખાઇ આવે છે. રાજકોટ શહેરમાં જે પ્રકારે મ્યુકર રોગના દર્દીઓ વધી રહયા છે એના પ્રમાણ દવા અને ઇન્જેકશનો ઉપલબ્ધ ન હોવાનું ખુદ દર્દીના પરીવારજનો કહી રહયા છે. કોંગ્રેસ પક્ષ ધ્યાન દોરી રહયો છે પરંતુ જેમના પગ વાસ્તવીકતાની ધરતી પર દેખાતા નથી એવા કલેકટર તંત્રપાસેથી એક જ જવાબ મળે છે કે, મ્યુકરના ઇન્જેકશન કે દવાઓની કોઇ અછત નથી. આ રીતે વિરોધાભાષી વિધાનો કરીને પરિસ્થિતિને ગુંચવવામાં આવી રહી હોય એવું લોકોને લાગે છે. જેનો રોષ દર્દીઓના પરીજનો મીડિયા સમક્ષ વ્યકત કરી રહયા છે.

તાજેતરમાં મ્યુકરમાઇકોસિસના દર્દીઓ માટે રાજકોટ સિવિલમાં વોર્ડ ઉભો કરવામાં આવ્યો હતો. દર્દીઓનો ધસારો વધી ગયો હોવાથી સિવિલની ઓપીડી

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટમાં મ્યુકરમાઇકોસીસના દર્દીઓનો ધસારો, સિવિલની ઓપીડી બિલ્ડીંગમાં ઓન વોર્ડ ઉભો કરાયો

૨૫૦થી વધુ દર્દીઓ સારવાર હેઠળ : ચિંતાનું મોજુ, મહત્વની દવા અને ઇન્જેકશનોની અછત હોવાની ફરીયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ, સુરત અને અમદાવાદમાં કોરોના દર્દીઓ માટે મ્યુકરમાઇકોસીસ રોગચાળો હવે વધુને વધુ આકરો બની રહયો છે અને પંજો ફેલાવી રહયો છે. રાજકોટ સિવિલમાં મ્યુકરમાઇકોસીસના દર્દીઓનું પ્રમાણ એકદમ વધી ગયું હોવાથી સિવિલની ઓપીડી બિલ્ડીંગમાં એક ખાસ ઓન વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે.

રાજકોટ સિવિલમાં મ્યુકરમાઇકોસીસના વાઇરસની ઝપેટમાં આવી ગયેલા ૨૫૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. મ્યુકરમાઇકોસીસ કોરોનાથી મુકત થયેલા દર્દીઓને લાગુ થઇ રહયો છે જેના કારણે પરિસ્થિતિ વધુને વધુ ચિંતા જનક બની રહી છે. સુરતમાં સિવિલમાં આવા વધુ ૧૫ દર્દીઓ અને ગાંધીનગર સિવિલમાં આવા નવા ૮ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ પરિસ્થિતિ એવી હતાષા જનક બની છે કે, મ્યુકરમાઇકોસીસના ખાસ વોર્ડ ઉભા કરાઇ રહયા છતાં સારવાર માટે અતિ જરૂરી ઇન્જેકશન અને દવાઓનો સ્ટોક જ નથી. સુરત અને ગાંધીનગરમાં દવાઓની તંગીને કારણે દર્દીઓની સારવાર કરવાનું મુશ્કેલ બની રહયું છે. ડોકટરોની ખાસ ટીમો તૈયાર કરીને સારવાર માટે તૈનાત કરવામાં આવી છે. પરંતુ જરૂરી દવા વગર સારવાર કઇ રહી કરવી તેની તબીબો મુંજવણ અનુભવી રહયા છે.

રાજકોટમાં મ્યુકરમાઇકોસીસના દર્દીઓ માટે અત્યંત જરૂરી એમપોટીસીરીન-બીપ૦ ઇન્જેકશનો ખલાસ છે કોઇ મેડિકલમાં પણ મળતા નથી સિવિલ પાસે પણ તેનો જથ્થો ન હોવાનું જાણવા મળ્યું છે. પરીણામે દર્દીઓના જીવ જોખમમાં મુકાઇ જાય એ પહેલા યુધ્ધના ધોરણે રાજકોટ સિવિલમાં ઇન્જેકશનનો પુરવઠો પુરો પાડવા રાજય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર પગલા લે એવું દર્દીઓના પરીવારજનોની માંગણી છે. સુરત અને અમદાવાદમાં પણ ઇન્જેકશનો મળી રહયા નથી. પરીણામે કોરોનાની જેમ મ્યુકરની પરિસ્થિતિ પણ ગંભીર બની રહી છે.

નાનામવા સર્કલ પાસે પાંચમા માળેથી પટકાતા માસુમનું મોત

એકના એક પુત્રનું મોત નિપજતા નેપાળી પરિવારમાં અરેરાટી; સીસીટીવી ફુટેજના આધારે માલવીયાનગર પોલીસનો ધમધમાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૧૨

શહેરમાં નાનામવા સર્કલ પાસે આવેલી ગાયત્રી સ્કેવરમાં પાંચમા માળેથી પટકાતા ત્રણ વર્ષના બાળકનું મોત નિપજતા નેપાળી પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. માલવીયા નગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાનામવા સર્કલ પાસે આવેલી ગાયત્રી સ્કેવરમાં રહેતા ચોકીદારીનું કામ કરતા ખડગભાઈ સોમદનો ૩ વર્ષીય પુત્ર કુબેર પાંચમા માળે રમતા રમતા નીચે પટકાતા ગંભીર ઇજાઓ થતા ડોકટરો અને પરિવારજનોએ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા નેપાળી પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.હજુ ૧૦ થી ૧૨ દિવસ પૂર્વે જ નેપાળી પરિવાર આસોપાલવ હોસ્પિટલમાં કામ મૂકીને સાંકેત હોસ્પિટલમાં કામે લાગ્યો હતો.એકના એક પુત્રના મોત નિપજતા માતા પિતાએ અસહ્ય આઘત લાગ્યો હતો.બનાવ અંગેની જાણ થતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ બી.બી.રાણાની ટીમે દોડી જઈ સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે. હજુ ચાર દિવસ પહેલા જ સાકેત હોસ્પિટલમાં ડોકટર પર હુમલો કરવાની ઘટના બની હતી. જેમાં દર્દીના સ્વજનોએ સાંકેત હોસ્પિટલમાં ઘૂસીને મેડિકલ સ્ટોર સંચાલક અને મેડિકલ ઓફિસરને માર માર્યો હતો. ફરી આજે ૩ વર્ષના બાળકનું મોત નિપજતા ફરી ચર્ચામાં જાગી છે.

રાજકોટમાં બુધવારે બપોરે ૨ વાગ્યા સુધીમાં કોરોનાના નવા ૧૦૧ કેસ

સોનલ કેટરર્સ

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.
૬ રોટલી, દાળ–ભાત, શાક, છાશ, સલાડ
સંપર્ક: મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૬૯૮૬ ૧૧૧૭૮
લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

રાજકોટવાસીઓ બોધ પાઠ લેતા નથી, શહેરમાં ગીર્દી... ગીર્દી અને ગીર્દી...

(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ : રાજકોટ શહેરમાં કોરોના વાઇરસ બેકાબુ બનીને અનેક પરીવારોને સંકટની ખાઇમાં ઉતારી રહયો છે અથવા ઉતારી ચુકયો છે આવા સંજોગોમાં કોવિડના પ્રોટોકોલ સરકાર જાહેર કરે છે. નિયંત્રણો લાગુ કરવામાં આવે છે અધોષીત લોકડાઉન જેવી સ્થિતિ પણ જાહેર કરવામાં આવે છે. પરંતુ જયાં સુધી પ્રજાનો સહકાર ન મળે ત્યાં સુધી આવા કોઇ પણ નિતીનિયમોનો ધાર્યો ફાયદો થઇ શકતો નથી. રાજકોટ શહેરની જ વાત કરીએ તો અત્યારે આંશિક લોકડાઉનને કારણે મોટી બજારો અને દુકાનો ભલે બંધ દેખાતા હોય પણ શહેરના એકએક વિસ્તારો અને લત્તાઓના મુખ્યમાર્ગો તથા આડી-અવળી શેરી-ગલ્લીઓમાં ગીર્દી જ ગીર્દી જોવા મળે છે. આ તસ્વીર શહેરના આનંદબંગલા ચોક વિસ્તારની છે જયાં કેરીની માર્કેટ ભરાઇ છે. દુકાનોના થડા પર રસ્તા પર, લારી-ગલ્લાઓ પર કેરીના બોકસ ગોઠવીને દિવસભર નાના-મોટા ધંધાર્થીઓ વેપલો કરે છે અને કોવિડોના નિયમોનો વેપારીઓ તથા ગ્રાહક, નાગરીકો સાથે મળીને સરા જાહેર ઉલાળીયો કરતા રહે છે. કેટલી ભીડ જામે છે તેનો ખ્યાલ આ તસ્વીર પરથી કાઢી શકાય છે. મોટા ભાગના લોકો અને લારી ગલ્લાવાળા માસ્ક પહેરવાની પણ તસ્દી દેતા નથી. જો કોઇ ભુલે ચુકે ધ્યાન દોરે તો લારીવાળા અને વેપારીના મગજ તપીને સાતમાં આસમાને પહોંચી જાય છે અને લાજવાને બદલે ગાજવા માંડે છે. મનપા તંત્રને આ કશું કેમ દેખાતું નથી? એ વિચારેને સામાન્ય નાગરીકોનો મગજ પણ બહેર મારી ગયો છે.

ત્રીજી લ્હેર અને મ્યુકરમાયકોસિસના આક્રમણ સામે પૂર્વ તૈયારી જરૂરી

બીજી લ્હેર જેવી બેદરકારી પ્રજા માટે ઘાતક નિવડી શકે, અત્યારથી સજ્જ બનો, મ્યુકરના અતિ મોંઘા ઇન્જેકશનને કારણે ગરીબ અને મધ્યમ વર્ગીય દર્દીઓ પરેશાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
(અસલમ ફારૂક દ્વારા)

રાજકોટ, તા.૧૨

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં શહેરી સ્તરે કોરોનાના કેસોની ગતિએ થોડી બ્રેક લાગી છે તો બીજી તરફ ગામડાઓમાં આગ લાગી છે. પરિણામે ગ્રામ્ય આરોગ્ય માળખા પર પ્રચંડ દબાણ આવ્યું છે. હજુ કોરોના સારવારને લગતી અનેક ફરિયાદોનો ઉકેલ આવ્યો નથી અને તેના પગલાં ગામડાઓમાં પડકાર ઉભો થયો છે. હજુ બીજી લ્હેર પીક પર આવી નથી ત્યાં તો ત્રીજી લહેરની ચેતવણી આવેલી છે. આથી રાજ્ય સરકારે બીજી લ્હેર જેવી ગળબળ ન થાય એ માટે અત્યારથી ફૂલપ્રૂફ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ. નહિતર પરિણામ વધુ ગંભીર આવી શકે છે. બીજી લ્હેર વખતે ધની બધી ખામીઓ અને ત્રુટીઓ બહાર આવી છે. જેને બોધપાઠ સમજીને આગળનું આયોજન અત્યારથી જ કરવું પડશે. ગુજરાત હાઈકોર્ટ અવારનવાર સવાલો પૂછી રહી છે. જેના કારણે રાજ્ય સરકાર પણ ભીંસમાં છે. હાલની પરિસ્થિતિમાં કોઈ વિવાદ ઉભો ન થાય અને ન્યાયતંત્રના પણ સૂચનો ધ્યાનથી સાંભળીને સરકારના એક્શન પ્લાનમાં સામીલ કરવામાં આવે એ જરૂરી બન્યું છે. હાઇકોર્ટે જે કઈ ટીકા-ટિપ્પણ કરતી હોય એ તેને મળેલા ફીડબેક પર આધારિત હોય છે એટલે રાજ્ય સરકારે અદાલતની સક્રિયતાથી ધૂંધવાઈ ઉઠવું ના જોઈએ. બલકે તમામ સૂચનોનો, એ ગમે તે ખૂણેથી થતા હોય સરકારે લોકહિતને ધ્યાનમાં રાખીને તેનો વેળાસર અમલ કરવો જોઈએ.

કોરોના મહામારી કેવા પ્રકારની છે એ બધાને ખબર છે. આ સમયમાં કોઈ પણ પ્રકારનો વાદવિવાદ આપણને પાલવે નહીં. અંતે તો લોકોનું હિત થાય અને કોરોના કાબુમાં આવે તે માટે નજર સામે શક્ય હોય તેવા બધા જ પગલા લેવાની જવાબદારી સરકારના ખંભે રહે છે. કોઈ સંસ્થા, સંગઠન, વ્યક્તિ કે અદાલતો કોરોના મહામારીની દિશામાં સૂચનો કરે તો રાજ્ય સરકારે ઈગો એટલે કે અહમનો પ્રશ્ન બનાવવો જોઈએ નહીં. જેવા લોકોની કરવાની છે એટલે સરકારે લોકહિતને જ પ્રાધાન્ય આપવું રહ્યું. કોણ સૂચન કરે છે એ જોવાઈ નહીં પણ સૂચન કેવું છે એ જોવાનું રહે છે.

કોરોના મહામરી સૌરાષ્ટ્રમાં હજુ કાબુમાં આવતી દેખાતી નથી. રાજકોટ, જામનગર, મોરબી જેવા વિસ્તારોમાં રોજેરોજ નવાનવા કેસો વધે છે. સાથેસાથે કોરોનાએ આપણને જે જીવલેણ ભેટ આપી છે. એ મ્યુકરમાયકોસિસના વાયરસના ધીમેધીમે મહામારીનું સ્વરૂપ લઇ રહ્યું છે તે કારણે રાજ્ય સરકાર અને તમામ જીલ્લા વહીવટી તંત્રો સામે એક નવો પડકાર ઉભો થયો છે. કોરોનાની સારવાર તો મોંઘી રહી નથી. તેની દવાઓ અને ઈન્જેકશનનો

(અનુ.પાના નં.૪ ઉપર)

અનેક હોસ્પિટલોમાં માં કાર્ડ સ્વીકારાતા ન હોવાની ગંભીર ફરિયાદો છતાં પગલાં શૂન્ય, ગરીબ અને ઓછી આવકવાળા દર્દીઓ સરાજાહેર લુંટાતા હોવાની સ્થતિનો અંત ક્યારે?

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.